શ્રી

काव्यविनोद-

(મેઘદૂત.)

મૂળ સંસ્કૃતપરથી-

કર્ત્તા

હરિકૃષ્ણ બળદેવ ભટ્ટ,

કાવ્યનિમજ્જનના કર્ત્તા

અંકલેશ્વર મ્યુ. એં. વ. સ્કૂલના હેડ માસ્તર.

તે તે હું, હું તે નહીં, નહિ હું તો હું તેજ;
એક અનેકે ભાળતાં, એક અનેકે છેજ. ૧.
સગુણ કહું, નિર્ગુણ લહું, જગમાં એક, અનેક;
કવિતાવાણી અનેક છે, કાવ્યવિનોદ એક. ૨.

સુરત:

મિશન છાપખાનામાં છપાયું.

ઈ. સ. ૧૮૯૬.

કિમ્મત ૦।૮.

ઉપોદ્ઘાત.

કવિશિરોમણિ કાલિદાસનું મેઘદૂતકાવ્ય ઉપકાવ્યમાં ગણાતાં છતાં મહાકાવ્યની પદવીને પામેલું છે. એ કાવ્યનો અવસર આ રીતે છેઃ— કુબેરે પોતાની વાડી ચૈત્રરથનું રક્ષણ કરવાનું કામ કોઇ યક્ષને સોંપેલું. તે યક્ષ એક દિવસ પોતાને ઘેર પ્રિયાને સંગે શૃંગારનિમગ્ન થતાં નીમેલાં કામપર મોડો જઈ જોયછે તો ઈંદ્રના ઐરાવત હાથીએ આવી વાડી બિગાડેલી. પાધરો કુબેર પાસે આવી અપરાધ કબુલ કરી અથઇતિ વૃત્તાંત કહ્યું. કુબેરે ચોતરફનો વિચાર કરી શાપ આપ્યો કે, જા, એ તારી વાલી પ્રિયાથી એક વર્ષ તારે વિયોગી રહેવું. શાપ માથે ચડાવી યક્ષ રામગિરિ પર્વતે આવી રહેછે ને કાવ્ય ચાલેછે.

મેઘદૂતકાવ્યની ખુબી જગત્પ્રસિદ્ધ છે. એ કાવ્યનાં ભાષાંતર જૂદી જૂદી ભાષામાં અનેક છેજ, તેમાં વળી આ પણ એક વધારે. સૌ સૌની ખામી ને ખુબી જૂદી જૂદી હોયછે, તે જોવાનું કામ વાચકવર્ગનું છે.

અર્પણ.

જેનું તે તેને,

અથવા

તે ને તું બેને—

અર્પણ કરેછે

આ કાવ્યવિનોદ સટીક,

ભેદાભેદ

કર્ત્તા.

श्री

मेघदूत.

(હરિગીતવૃત્ત—રામકળી રાગે)

(पूर्वमेघ)

કો યક્ષ[1] નીમ્યું[2] કામ નવ સંભાળતાં પતિ શાપિયો,
વાલીવિયોગી વર્ષ રેવું, શાપ એ દુઃસહ[3] થયો;
નિસ્તેજ[4] થઇ જઇ રામગિરિએ[5] વસ્યો છાયી[6] ઝાડ જ્યાં,
જળ જનકતનયાસ્નાનથી[7] છે પુણ્યરૂપ[8] બનેલ ત્યાં. 1

કંઇ[1] માસ ગાળી પર્વતે કામી વિયોગી નારનો,
કરથી કનકકંકણ સરી કે તાપ તન સે એ ઘણો[2];
આખાડપડવે મેઘ ભાળ્યો શિખર પર્વતને અડ્યો,
શું કોટ ઢોળીપાડવા ગજ નમ્યો કો મસ્તી ચડ્યો[3]! 2

---

૧. ૧. એ માણસથી ચડિયાતા ને દેવથી ઉતરતા પ્રાણી છે. એ દેવયોનિમાં ગણાયછે. विद्याधराप्सरोयक्षरक्षोगंधर्वकिन्नराः। पिशाचोगुह्यकः सिद्धोभूतोऽमी देवयोनयः॥ એ કુબેરની સેવામાં રહેછે, એમને સ્ત્રિયો હોયછે ને એ ઘણુંકરી દયાળુ સ્વભાવના હોયછે. ૨. કુબેરની વાડી ચૈત્રરથનું રક્ષણ કરવાનું કામ. ૩. સેવો કઠણ. ૪. પોતાનો મહિમા ગુમાવી. ૫. ચિત્રકૂટ પર્વત. રામે વનવાસમાં અહીં પ્રથમ આશ્રમ કીધેલો, માટે આ નામ. ૬. ઘટ્ટ છાયાવાળાં. ૭. જનકની છોકરી-સીતાના ન્હાવાથી. વનવાસમાં સીતા રામની જોડે હતાં. ૮. પવિત્ર કરનારાં.

૨. ૧. આઠ મહિના. (જોવું ઉ૦ મે૦ ૪૯ બાકી રહ્યા છે ચાર મહિના.) ૨. વિરહદુઃખે જુરી જુરી હાથમાંથી સુનાનું કડું સરીપડ્યું. ૩. ચોમાસામાં ઢોર મસ્તીએ ચડી ઘુંટણિયે પડી ભીનાસવાળી જગામાં માથાં મારેછે, એ ચિતાર. ચોમાસાના આરંભમાં વાદળાં હાથી, ઊંટ વગેરે આકારનાં દેખાયછે; હાથીની ઉપમા ગંભીર છે.

અભિલાષકારણ[1] મેઘની સનમુખ રહ્યો ધીરજ ધરી,
અનુચર[2] કુબેરતણો નિવારી[3] અશ્રુ ચિંતા[4] બહુ કરી;
જે મેઘદર્શનથી પિયાસંગી સુખી જન ચિત ચળે,[5]
સંગાભિલાષી દૂરવાસી કેમ ચિત વધુ ના બળે! ૩

નભમાસ[1] આવ્યો જોઇ અબળાજીવને આધાર[2] જે,
નિજ કુશળતાસંદેશ[3] લઇ ઘન[4] પ્રેરવા[5] ઇચ્છનાર તે;
તાજાં કુટજફૂલે[6] કરી પૂજનવિધિ પેલાં ઘણી,
હોંસે કરી મીઠાં વચનથી સ્વાગતા[7] બહુ તેતણી. ૪

જળતેજવાયુધૂમનો[1] સંઘાત નિર્જીવ મેઘ ક્યાં,
પઠવાય પ્રાણી[2] સબળકરપદસંગ તે સંદેશ ક્યાં;
ઉત્સુકપણે[3] તે નવ વિચારી યાચના યક્ષે કરી,
કામાંધ[4] ચેતનઅચેતનમાં[5] ભેદ કળી ન શકે જરી. ૫

જગવિદિત[1] કુળનો જાણું છે તું પુષ્કરાવર્તકતણાં,[2]
ઇચ્છાસ્વરૂપી[3] રાજપુરુષ[4] મહેંદ્રનો તાં શી મણા;
તેમાટ જાચક તાહરો સ્ત્રીવિજોગી[5] વિધિજોગ હું,
જાચવું ગુણીસું અફળ રૂડું, સફળ અધમસું નવ લહું. ૬

---

૩. ૧. કામ જગાડનાર. મેઘનું વિશેષણ છે. ૨. સેવક, ચાકર. ૩. આંશુ થંભાવી; મેઘને ધીરોદાત્ત નાયક કલ્પ્યો છે માટે ગંભીરતા. ૪. ઉંડો વિચાર. ૫. વર્ષાઋતુના આરંભમાં પ્રિયાના સંગમાં અને પ્રીતિસુખ ભોગવનાર પુરુષોના મનમાં પણ વાદળાં જોઈ વિકાર થઈઆવેછે, તો ઇ૦.

૪. ૧. શ્રાવણમહિનો. ૨. કોમળ મનની પોતાની સ્ત્રીનુ જીવતર ટકાવી રાખનાર. ૩. આરોગ્યતાનું કહેણ. ૪. વાદળું. ૫. મોકલવા ૬. કડાનાં ફૂલવડે. ૭. આદરમાન.

૫. ૧. પાણી તેજ વાયુ અને ધુમનો સમૂહ. ૨. ચપળ જોરાવર હાથપગવાળાં પ્રાણી જોડે. ૩. સંદેશો મોકલવાની આતુરતાને લીધે. ૪. કામને લીધે વિવેકશૂન્યપુરુષો. ૫. સજીવનિર્જીવ. (મેઘજોડે સંદેશો મોકલવો, એમાં વિષમાલંકાર છે. કારણ કે મેઘ વિજોગીને પીડનાર, તેનેજ દૂત ઠરાવી સુખનું સાધન બનાવ્યો.)

૬. ૧. બધા લોકને જાણીતાં. ૨. પુરાણમતે મેઘના ત્રણ વર્ગ છે—અગ્નિવડે ઉત્પન્ન થનાર, બ્રહ્માના શ્વાસથી નિકળનાર, અને પર્વતની પાંખો ઇંદ્રે કાપીનાખી હતી તેમાંથી થયલા તે. આ છેલ્લા તે પુષ્કરાવર્તક. એ મેઘ બહુ જબરા છે અને કલ્પને અંતે એજ મેઘ વરસેછે. ૩. પોતાની મરજીમુજબ રૂપ ધરનાર. ૪. ઇંદ્રનો પ્રધાન. ૫. દૈવજોગે સ્ત્રીથી જેનો વિજોગ પડેલોછે એવો.

સંતપ્તને[1] છે શરણ[2] તું માટે પયોદ[3] પિયાકને,
પોંચાડ ધનપતિકોપથી[4] સ્ત્રીવિયોગીસંદેશને;
જાવુંછ તારે વાસ અલકા[5] નામ યક્ષેશ્વરતણે,[6]
હરશિર રહી ચંદ્રિકાથી જ્યાં મેલ ધવલિત નિત બણે.[7] ૭

મુખથી ખસેડી[1] કેશ જોશે વ્યોમચારી[2] તુજભણી,
નિજ નાથ સત્વર આવશે એ નિશ્ચયે સઉ વિરહિણી[3];
કો ઉવેખે[4] નિજ વિરહદુખણી સ્ત્રી ઘને નભ[5] વ્યાપતાં!
આજે પડ્યો છું છેક પરવશ પતિ કુબેરે શાપતાં.[6] ૮

અનુકૂળ[1] મંદ પવન અગાડી પ્રેરશે તુજને ખરે,
શુભ શકુન ચાતક વામભાગે[2] મધુર ફૂલી રવ[3] કરે;
બગલી તને નભ સેવશે આંખે ઠરીજ નિહાળતી,
માળા[4] બનીને ગર્ભધારણતણો ઉત્સવ પાળતી. ૯

છે દિવસ શેષ વિયોગના ગણતી અધીરી તે હશે,
ભાભી સતી જીવંત ભાળી સફળગતિ[1] તું હરખશે;
વિરહે શિથળ બહુ ફૂલસરખું સ્ત્રીહૃદય પ્રેમાળ જે,
પતિમિલનઆશાબંધ બાંધ્યું બહુકરી ટકીરેહ તે. ૧૦

---

૭. ૧. તાપે અથવા વિરહદુ:ખે પીડાતાં. ૨ વિશ્રામ, શાંતિ પમાડનાર. ૩. જળ આપનાર-વાદળું. વિરહે પીડાતાંને શાંતિ પમાડનાર એટલામાટે કે વર્ષાઋતુમા પ્રવાસીઓને ઘેર જવા એ પ્રેરેછે. ૪ કુબેર. ૫ કુબેરની રાજધાની. ૬. કુબેરની. ૭. અલકાપુરીની બહાર આવેલી વાડીમાં કુબેરના મિત્ર શિવ છે, તેને મસ્તકે ચંદ્ર છે તેનાં તેજવડે મહેલો હંમેશાં ધોળેલા ઝાકઝમાળ થઈ રહેલા છે.

૮. ૧. સ્વામી પરદેશ હોય ત્યારે સ્ત્રીએ શૃંગાર ન કરવા, તેથી કેશ છુટા છે. ૨. આકાશમાં ઊંચે ચડેલો-તું. ૩. જેના પતિ પરદેશ ગયલા છે એવી સ્ત્રી. ૪. અનાદર કરે-ન આવે. ૫. આકાશ વાદળાંએ છવાયા છતાં. ૬. હુંજ દુર્ભાગ્ય છું.

૯. ૧. જે દિશામાં જવું હોય તે દિશાભણીનો. ૨. ડાબી બાજુએ. ડાબી બાજુએ કોઈ અપશકુન ગણેછે, પણ જ્યોતિષશાસ્ત્રમાં છે કે—

बर्हिणश्चातकाश्चाषा येच पुंसंज्ञिताः खगाः। मृगावामगा हृष्टाः सैन्यसंपद्बलप्रदा. ॥

૩. ગાયન-આલાપ કરેછે. ૪ હાર બંધાઈ. બગલાં આ ઋતુમાં ગર્ભધારણ કરેછે. (આ શ્લોકમાં બધા શુભ શકુન ગણાવ્યા છે, મતલબ કે-સુખે મારો સંદેશો લઈ ગમન કર-કામ સિદ્ધ છે.)

૧૦. ૧. તને આનંદ થશે કે મારૂ આવ્યું સાર્થક છે.)

ટોપે[1] ભરી કરવા અવંધ્ય[2] મહી સબળ તુજ ગર્જના,
તે શ્રવણસુખદ[3] સુણી થશે માનસ[4] જવા આતુર ઘણા;
એ રાજહંસ લઈ કમળરેસાજ ભાથું ચાલશે,
કૈળાસપર્વતલગી નભમાં સંગ તારે માલશે. ૧૧

વાલા સખા આ ઊંચ ગિરિને મળીભેટી વિદાય લે,
જનવંદ્ય[1] રઘુપતિપદે[2] જેની મેખળા[3] અંકિત[4] બધે;
પ્રતિવર્ષ તારો સંગ થાતાં આંશુ ઊનાં પાડતો,[5]
ચિરકાળ વિરહી પીડ વેઠું, એમ એ દેખાડતો. ૧૨

શુણ જલદ[1] પેલાં માર્ગ કહું તુજ ગમનને[2] અનુકૂળ હું,
શુણજે પછી સંદેશ મારો શ્રવણરુચિકર[3] છે બહુ;
મારગ જજે એ પગ ધરી પર્વતે થાકે જ્યાં જહાં,
નિર્મળનદીજળપુષ્ટ થાતો ક્ષીણ હોય તહાં તહાં.[4] ૧૩

ગિરિશૃંગ[1] લઇ ચાલ્યો પવન શું ! એમ મુખ ઊંચાં કરી,
ઉત્સાહ તુજ જોશે ચકિત થઇ સિદ્ધ સાદી[2] સુંદરી;
એ સ્થાન સરસ[3]–નિચુલભર્યાંથી ઊડ નભ ઉત્તરગમી,[4]
દિઙ્નાગહસ્તતણા[5] સપાટા સમાલી દાવે રમી. ૧૪

---

૧૧. ૧. ચોમાસામાં છત્રીને આકારે એક છોડ ઉગેછે. ૨. વાંજણી નહિ તે. ૩. કાનને સુખ આપનાર–મધુર. ૪. માનસરોવર. શિયાળામાં બરફથી રોગ થવાને ધાકે માનસરોવર આગળથી જતા રહેલા હંસ ચોમાસામાં પાછા જાયછે. (માર્ગે સહાય તા. સલાહકાર જોઈએ તે મેળવીઆપ્યું.)

૧૨. ૧. માણસોએ નમવા–પૂજવાજોગ. ૨. રામચંદના પગલાંથી. ૩. પર્વતનો મધ્યભાગ. ૪. ચિન્હવાળી. ૫. ઉનાળામાં તપીરહેલા પર્વતપર વર્સાદ પડવાથી ઊનું પાણી નિકળે, તેમાં આંશુનો ભાવ.

૧૩. પાણી આપનાર–વાદળું. ૨. જવાને સુગમ. ૩. કાનને સુખ આપનાર–સાંભળવાજોગ. ૪. વરશીને ખાલી થતોજાય તેમ તેમ હલકું જળ લઇ તાજો થઇ આગળ ચાલતોજજે.

૧૪. ૧. પર્વતનું શિખર. ૨. સિદ્ધ એક દેવયોનિ છે, તેની ભોળા સ્વભાવની સ્ત્રી. ૩. રસે ભરેલી નિચુલ-નેતર પુષ્કળ ઉગેલીછે એવાં આ સ્થાનથી. ૪. કારણ કે અલકાપુરી ઉત્તરમાં છે, ત્યાં એને મોકલેછે. ૫. દિશામાં આવેલા હાથીની સુંઢના. પુરાણમતે, પૃથ્વીને સ્થિર રાખવા આઠ દિશામાં આઠ હાથી રાખેલાછે—ઐરાવત

મણિકિરણ ગુંથ્યાં હોય તેવું શોભતું પેલું પણે,
દીસે ધનુષ જો ઇંદ્રનું વલ્મીકઅગ્રતણી[1] કને ;
ત્યાં જતાં તારૂં શ્યામ તનુ અતિ રુચિર[2] શોભા પામશે,
ઝગઝગિત મોરમુગટ ધરેલા ગોપવિષ્ણુસમો[3] થશે. ૧૫

કૃષિફળ[1] લહી તુજ આશરે ભાળશે સ્ત્રી ખેડુતતણી,
કૃત્રિમ[2] વિલાસ ન જાણતી પ્રેમાળ નયને તુજભણી ;
તત્કાળ હળ ફરતાં સુગંધ પસારતાં તું વરસજે,
ચડી[3] માલક્ષેત્ર વળી[4] તરત ઝટ[5] કૈંક ઉત્તરમાં જજે. ૧૬

ગિરિ આમ્રકૂટતણો[1] દવાનળ[2] છાંટજે ધારા કરી,
તુજ માર્ગખેદ[3] મટાડશે શુભ રીત તે મસ્તક[4] ધરી ;
વિશ્રામ લેવા મિત્ર આવે, પ્રથમગુણ[5] સંભારતાં,
કો નીચ વિમુખ ન હોય તો ક્યમ ઊંચ એ આવો છતાં ? ૧૭

પુંડરીક, વામન, કુમુદ, અંજન, પુષ્પદંત, સાર્વભૌમ, સુપ્રતીક-એ તે હાથીઓનાં નામ. (આ શ્લોકથી માર્ગનું વર્ણન શરૂ થાયછે. સ્થાનો ભૂગોળપ્રમાણેજ છે, અને વર્ણન રસભર્યું છે. વળી આ શ્લોકમાં એક અર્થાંતરધ્વનિ છે. નિચુલ નામે રસિક કવિ કાલિદાસનો સહાધ્યાયી હતો, અને દિઙ્નાગાચાર્ય કરીને એક કાલિદાસનો પ્રતિસ્પર્ધી હતો. એ રીતે ધ્વનિઅર્થ—કાલિદાસની કૃતિમાં દિઙ્નાગાચાર્યે દીધેલાં દૂષણો નિચુલકવિ રદ કરે, તે સિદ્ધ એટલે વ્યાકરણઅલંકારાદિ શાસ્ત્રોમાં નિપુણ એવા કવિઓ આશ્ચર્ય પામી જોય.)

૧૫. ૧. ઉધઈના રાફડાની ટોચ. ૨. મનોહર. ૩. ગોપનો અવતાર ધરેલા વિષ્ણુ-ગોપાળ, કૃષ્ણ. પાલણ કરનાર દેવના રસિક અવતારની ઉપમા મેઘને આપી તે સાર્થક છે.

૧૬. ૧. ખેતીનું ફળ-પાક. ૨. નેત્રકટાક્ષ. ૩. માલક્ષેત્રપર ચડી-ત્યાં વરસી. ૪. તરત પાછો વળી. ૫. ઉતાવળો-વરસી ખાલી થયો તેથી હલકો માટે. (અહિયાં આવી ધ્વનિ—કોઈ બહુ સ્ત્રીનો વાલો કેથે વિહાર કરી નીચે-અપ્રસિદ્ધ રસ્તેથી નિકળી જઈ પાછો મહામાર્ગે પડે તેમ. ક્ષેત્રનો અર્થ પ્રિયા, સ્ત્રી, એવો છે પણ ખરો.)

૧૭. ૧. આંબા પુષ્કળ છે તે ઉપરથી આ નામ. ૨. વનમાં લાગેલો અગ્નિ. ૩. મુસાફરીથી થયલો થાક તથા બેચેની. ૪. પોતાને મસ્તકે પધરાવી. વાદળાં પર્વતની ટોંચે અથડાઈ થંભેછે. ૫. આગળ કરેલો ઉપકાર. (પેલે વિસામે સુખ બતાવી કાર્યસિદ્ધિ સૂચવેછે.)

વનઆંબ ફરતા ફળે પાકે શોભતા એ ગિરિતણે,
શિખરે ચડે તું સ્નિગ્ધવેણીસમો[1] ત્યાં શોભા બણે;
ગિરિ જોઇ રાચે નભથકી મન અમરમિથુનતણું[2] ઘણું,
સ્તન શ્યામ મધ્યે ગૌર ફરતું હોય ભૂતરુણીતણું.[3] ૧૮

અંહિ કુંજમાં વિલસંતી[1] વનચરવધૂ[2] ઘડિભર[3] ભાળજે,
પાણી[4] જતાં હલકો પડી આગળ વધી ઝટ ચાલજે;
પાષાણથી જે વિષમ[5] વિંધ્યપદે[6] પડી છે નર્મદા,
શોભેછ[7] જ્યમ ગજઅંગ રેખા કરી ચિત્રો ચિતરતાં. ૧૯

જાંબૂતણી[1] કુંજે ખળાતું સુરભિ[2] વનગજમદથકી,[3]
વાસિત[4] લઇ જળ ચાલજે વરસી થયો ખાલી નકી;
સત્વે[5] ભર્યા તુજને અનિલ[6] શકશે ન તોળીરાખવા,[7]
નિઃસારતા લઘુતા પમાડે પૂર્ણતા ગૌરવ થવા.[8] ૨૦

નિરખી કદંબ હરિતકપિશનો[1] તંતુ અરધા[2] ઊગતાં,
ચાવી તટેતટ[3] કદળી[4] પેલીજ કૂંપળ ફૂટતાં;
સૂંઘી સુવાસ અરણ્યમાં પૃથ્વીતણો બહુ પસરતો,[5]
સારંગ[6] કળશે[7] એમ અહિંથી ગયો તું જળ વરસતો. ૨૧

---

૧૮. ૧. તેલ ઘાલેલા બાલજેવો—ચળકતા કાળા રંગનો. ૨. દેવનું જોડું. જોડું લેવાનું કારણ એ કે એમાં કરેલી ઉત્પ્રેક્ષા કામીનેજ સૂઝે. ૩. પ્રથ્વી એજ કોઈ જુવાન સ્ત્રી, તેનું. (રસ્તે થાકેલો કોઇ કામી કામિનીનાં કુચપર મસ્તક મુકી વિશ્રામ કરે, એ ધ્વનિ.).

૧૯. ૧. વિલાસ—ક્રીડા કરતી. ૨. ભીલ વગેરેની જુવાન વહુઆરુઓ. ૩. સેજ. પોતાના કાર્યમાં રોધ થાય માટે. ૪. બે ભાવ છે. ૫. પાષાણોનેલીધે ઉંચીનીચી સપાટીવાળો વિંધ્યાચળનો નીચલો પ્રદેશ. ૬. કોઈ કામી સ્ત્રી પોતાના પ્રીતમને ચરણે પડે, એ ધ્વનિ આ લીટીમાં છે. ૭. આ રીતે નર્મદાના પ્રવાહના કકડા થઇજવાથી વિંધ્યાચળ આવો શોભેછે.

૨૦. ૧. જાંબુડા. ૨. ખુશબોદાર-મદ. ૩. વનના જંગલી મદોન્મત્ત હાથીઓ નાવા આવે તેનો મદ મળવાથી—વાસિત. ૪. ખુશબોદાર. ૫. પાણી; ધન બળ વગેરે. ૬. પવન. ૭. ઉપર ઉપર—આમતેમ ઉડાવવા. ૮. જેમાં માલ નહિ એવા પુરુષ તુચ્છતાને પામી હાસીમાં ઉડીજાયછે ઈ૦.

૨૧. ૧. લીલા અને પીળચટા કાળા રંગનાં-કદંબ. ૨. એક ભાગમાં-વચ્ચેજ કેસર નીકળેલા એવાં-કદંબ. ૩. રેવાને કિનારે કિનારે. ૪. કેળ. ૫. પેલે વરસાદે જમીનમાંથી સરાટ નિકળેછે તે. ૬. હરણાં. ૭. અનુમાન કરશે.

જળબુંદ પડતાં[1] ઝીલવામાં ચતુર ચાતક ભાળતા,
બગ હારબંધ ઉડે નભે તેતણી ગણતી ફાડતા;
બહુ પાડ માને સિદ્ધ તારો, કેમકે ગર્જનવડે,[2]
ધૂજી બની બેબાકળી પ્રિય સહચરી[3] બાજીપડે. ૨૨

જાણુંછ મુજ કલ્યાણને અર્થે જવા ઝટ ઇચ્છતો,
તું ખળાશે કહું કકુભવાસિત[1] પર્વતેપર્વત જતો;
પણ હર્ષ પામી સજળ[2] નયને મોર ટૌકા જે કરે,
સ્વાગત[3] લઈતે પછી જ્યમત્યમ[4] ઉલટ જાવા મન ધરે. ૨૩

અગ્રે[1] ઉઘડતાં કેતકે[2] પિળચટી વાડીવાડ જ્યાં,
તરુ ગામનાંપર ગામપક્ષી[3] કરે માળા જ્યાં તહાં;
તુજ[4] યોગ, દેશ દશાર્ણમાં[5] થોડા દિવસ હંસો વસે,
જંબૂવનોની સીમ કાળી ફળો પાકી લસલસે. ૨૪

વિદિશા કરીને રાજધાની જગતમાં વિખ્યાત છે,
તાં જતાંસાથ સમગ્ર ફળ કામીતણું તુજ હાથ છે;[1]
તીરે ગરજતાં મધુર[2] પય પીશેજ વેત્રવતીતણું,[3]
લેરી ઉઠે જ્યમ ભ્રૂકુટિલ[4] મુખ યુવતિનું સોહામણું. ૨૫

---

૨૨. ૧. આકાશમાંથી પડતાં એટલામાટે કે પૃથ્વીપર પડેલું જળ ચાતકને રોગ કરેછે, એ હેતુથી તે પીતાં નથી. ૨. તારી ગર્જના સાંભળી. ૩. સાથે ફરનારી સ્ત્રી.

૨૩. ૧. કડાનાં ફૂલથી ખુશ્બોદાર. ૨. મેઘ ચડીઆવી ગર્જના કરે ત્યારે મોરને હરખનાં આંસુ પડેછે. ૩. આદરસત્કાર—મોરના ટૌકાનું—કબુલ રાખી. ૪. ગમેતેમ કરીને—તને જવાનું અઘરૂં લાગવાનુંછે તોપણ કઠણ મન કરીને.

૨૪. ૧. ઉપલે ભાગે સેજ ખીલવા મંડિલા. ૨. કેવડાનેલીધે. ૩. વસ્તીના સંબંધમાં રહેનારાં પક્ષી—કાગડા ચકલાં વગેરે. ૪. તારા તાં જવાથી—આ બધી શોભા થશે. ૫. આ દેશ વિંધ્યાચળની પાસે છે.

૨૫. ૧. વિદિશા તું પોંચ્યો કે તરત કામીપણાનું સંપૂર્ણ ફળ તું પામશે—કામી તરીખે તારી સેજતમાં કંઇ ખામી રહેવાની નથી. ૨. મીઠું-જળ; વાલું લાગે એવી રીતે-ગરજતાં—કઠોર ગર્જના ન કરતાં. ૩. એ નદીનું નામ હાલ બેતવાહ ચાલેછે. એ વિંધ્યાચળની ઉત્તર બાજુએથી નીકળી માળવા તથા અલ્લાહાબાદમાં થઈ જમનાને મળેછે. ૪. ભવાં ચડાવી રોષ બતાવતી હોય એવું—પ્રીતમે માગેલું લટકાથી નકાર કરતી હોય એવું—મુખ. (ત્રીજી ચોથી ઓળિનો ભાવ ને ચિત્ર

ગિરિ નામ[1] નીચૈ થોભજે વિશ્રામ લેવાને તહાં,
તુજ[2] સંગ પુલકિત[3] હોય તેમ ખીલ્યાં કદંબ ઘણાં જહાં ;
તાં ગુહા[4] ગણિકાસંગપરિમલ[5] બ્હાર બહુ ફેલાવતી,
યૌવન નિરંકુશ[6] નગરવાસીતણું એમ બતાવતી. ૨૬

વિશ્રામ લઇ આગળ જજે તું સીંચતો નવજળકણે,[1]
કળિ માગધી ઉદ્યાનની વનનદીતીરે હોય જે ;[2]
છાયા[3] દઇ ક્ષણ કરી મોબત વદનસું માલણતણાં,
પ્રસ્વેદ[4] ગાલે લૂછતાં કરમાય કર્ણકમળ[5] ઘણાં. ૨૭

ઉત્તર જતાં આડી રહી ઉજ્જની તોપણ તાં જજે,
જઇ ઊંચ ભવનતણી અગાસી તેતણો સંગી થજે ;
વિજળી ચમકતાં ચકિત[1] ચંચળ સુંદરીનાં નેનસું,
નવ રમ્યો તો તુજ જન્મકેરૂં અવર સાર્થક છે કશું ![2] ૨૮

આમ છે—કોઈ મદભરી સ્ત્રી કંઈ ઊંચું મસ્તક રાખી સૂતીહોય, તેની પાસે જઈ કોઈ કામી પોતાની અભિલાષા ભણીસંભળાવી ચુંબન કરે; ચુંબન થતાં દશનપીડાથી તે સુંદરી રોષભરી રીતે ભવાં ચડાવી 'હૂં' એમ કરી વારતી હોય. कामिनामधरास्वाद: सुरतादतिरिच्यते – એ ભાવ.)

૨૬. ૧. નીચૈ એ નામને પર્વતે. ૨. તારા મેળાપથી. ૩. રોમાંચિત-શરીરની રુવાંટી ઉભી થઈહોય એવો—ગિરિ. ૪. પર્વતની ગુફાઓ. ૫. વેશ્યાસાથે વિલાસ કરતાં વપરાયલાં અત્તર અરગજા વગેરેની ખુશ્બો. ૬. મદે ઉન્મત્ત નગરવાસીઓ; અંકોશમાં રહે નહિ એવું યૌવન. (જુવાન વેશ્યાઓ પોતાની માના ધાકથી પોતાના મનમાન્યાને સાથે લઈ આવે એકાંત સ્થળે આવી નિર્ભ્રાંતપણે મોજ માણેછે—એ ભાવ.)

૨૭. ૧. પેલા વરસાદની છાંટીએ. ૨. વાડીમાં થનારાં માગધીફૂલની-મોગરાની કળિઓ વનની નદીઓને તીરે હોય-આપોઆપ ઉગીનીકળેલા મોગરાની કળિઓને. ૩. છાંયડો કરી; તેજ આપી—મુખની કાંતિ વધારી. આશકને જોઈ માશુકને એમ થાયછે. ૪. પરસેવો. ૫. કાને ઘાલેલાં કમળ.

૨૮. ૧. ચોકેલી, ઓચિંતી બંધ થઈજતી અને બરાબર ઉઘડે નહિ એવી-નેન. ૨. એવી આંખસાથે તેં રમણ ન કર્યું તો તારો જન્મ અફળ ગયો-જીવ્યું નહિ જીવ્યાજેવું.

પણ હાર હંસ[1] મુખરતણી કટિમેખળા[2] સોહાવતી,
વેતી મનોહર ખલિત[3] થાતી વમળનાભિ બતાવતી;
નિર્વિંધ્યનો[4] રસ[5] લે જતાં નિઃશંક[6] મનમાંહે બણી,
વિભ્રમ[7] પ્રથમ[8] રતિજાચના નારીતણી પ્રિયની ભણી. ૨૯

જળ અલ્પ[1] વેણીરૂપ શોભે, તટ ઉગેલ તરુથકી,
પત્રો ખરી પાકાં પડી ફીકી વિરહ તારે નકી,[2]
તુજ ભાગ્ય ધન, ધનભાગ્ય,[3] એ એ રીત[4] પાળી દાખવે,
કરવો[5] ઉપાય ઘટે તને જેથી તજે કૃશતા હવે. ૩૦

ઉદયનકથાના[1] જાણ ગામે વૃદ્ધ જ્યાં વાસો વસે,
એવા અવંતિતણી વિશાલા[2] રાજધાની તું જશે;
શોભા કહું શી! પુણ્ય ઘટતાં સ્વર્ગથી જન આવિયા,
તે શેષ પુણ્યે ત્યાંથકી[3] શું ખંડ[4] સુંદર લાવિયા! ૩૧

---

૨૯. ૧. તરંગ ચાલવાથી શબ્દ કરતા હંસોની. ૨. કટિબંધ, સ્ત્રીનું કેડનું આભૂષણ. ૩. પાષાણોથી અથડાઈ અટકતી; મદે લથડતી. ૪. નિર્વિંધ્યાનદી; અવિદ્ધ સ્ત્રી. ૫. જળ; હેજત. ૬. નકારરૂપી અપમાનનો ભય ન રાખતાં. ૭. હાવભાવ. ૮. સંભોગસુખની પેલી માગણી. (કામાતુર સ્ત્રીના બધા હાવભાવ નદીમાં કલ્પ્યાછે.)

૩૦. ૧. જળ ઘટવાથી પ્રવાહ સાંકડો થયોછે એજ ચોટલો. ૨. કિનારે ઉગેલાં ઝાડોપરથી પાકાં પાંદડાં નદીમાં પડવાથી પીળી દેખાય એ વિરહદુઃખથી ફીકાપણું. ૩. હે ભાગ્યશાળી, જેનેમાટે આમ સાધ્વી સ્ત્રી ઝુરેછે. ૪. વિરહાવસ્થાના ચોકસ નીમ પાળી. ૫. વૃષ્ટિ કરી જળ આપવું; ભાવ આણી રતિસુખ આપવું. (નદીની વિરહાવસ્થાની ઉત્પ્રેક્ષા છે.)

૩૧. ૧. વત્સરાજની કથાના મર્મ જાણનાર. ૨. ઉજ્જન. ૩. સ્વર્ગથી. ૪. ભાગ-ત્યાં ભોગવેલો નહિ એવો શોભાયુક્ત. (વત્સરાજની કથા આ રીતે છે—પેલા ઉજ્જનના કોઈ પ્રદ્યોત નામે રાજાની વાસવદત્તા કુંવરીને સંજય નામે કોઈ રાજાસાથે પરણાવવાનો ઠરાવ થયલો. વાસવદત્તાને સ્વપ્નમાં વત્સરાજનાં દર્શન થઈ તેનો મોહ થાયછે. એ વાતની વત્સરાજને ખબર પડતાં તે મોટું યુદ્ધ કરી બીજા રાજાઓનો પરાજય કરી વાસવદત્તા લઈ જાયછે. મતલબ કે ત્યાંના લોક પ્રેમશૌર્યના મર્મ સમજનારા છે.)

મદથી મધુર અવ્યક્ત કૂજિત હંસનું વિસ્તારતો,[1]
ખીલ્યાં કમળના સંગથી વાસિત સવારે આવતો;
શિપ્રાપવન[2] અંગે સુખદ રતિખેદ નારીનો[3] હરે,
પ્રિયવચન પ્રિય સંભોગ અર્થે જાચના ફરી જ્યમ કરે. ૩૨

જાળી નિકળતા કેશવાસદ ધૂપથી પરિપુષ્ટ[1] થઇ,
દે ભેટ નૃત્યતણી ભવનશિખી[2] બંધુભાવે તે લઇ;
પુષ્પે સુવાસિત[3] સુંદરીપદરાગઅંકિત[4] ભવનમાં,
શોભા નિહાળી ખેદ ટાળી માર્ગનો રે મગનમાં. ૩૩

ચંડીશ[1] ત્રિભુવનનાથકેરૂં ધામ પાવન તું જશે,
પતિકંઠકાંતિસમાન[2] તુજને આદરે ગણ[3] ભાળશે;
ત્યાં યુવતિજળક્રીડાસુવાસિત,[4] રજ કમળની લાવતો,
અતિ સુરભિ ગંધવતીપવન[5] ઉપવન[6] વહેછ હલાવતો. ૩૪

---

૩૨. ૧. મદને લીધે હંસોનું મીઠું અસ્પષ્ટ કુરર્ કુરર્ કરી જે બોલવું, તેને લંબાનેવી ફેલાવતો-શિપ્રાપવન. ૨. ઉજ્જનપાસે એ નામની નદી. ૩. થયલા સંભોગનો થાક સ્ત્રીનો મટાડેછે—ફરી કામ ઉત્પન્ન કરેછે. (પવન તે કાંત, હંસનું બોલવું તે રતિયાચના ઇ૦ ઉજ્જનનું વર્ણન બહુ રસિલું છે. કાલિદાસ ત્યાં રહેતો અને ત્યાંના રાજા વિક્રમનો આશ્રિત હતો.)

૩૩. ૧. બાલને સુવાસિત કરવા વાપરેલી વસ્તુઓની ગોટેગોટ સુગંધિથી પ્રફુલિત થઇ; કેટલીક સુગંધિદાર વસ્તુઓનો ધૂપ પણ કેશને દેવામાં આવેછે. ૨. ઘેરેઘેર પાળેલા મોર. ૩. ભવનનું વિશેષણ. ૪. પગે અળતો મેદી વગેરે લગાવી સુંદરીઓ ચાલેલી તે પગલીઓ પડીરહેલી એવાં-ભવન. (આ શ્લોકમાં મેઘનો આદરસત્કાર થાયછે.)

૩૪. ૧. ચંડી-કાત્યાયની—ભવાનીના પતિ મહાકાળેશ્વર. ઉજ્જનમાં બહાર એ મહાદેવનું દેરૂં છે. મૃત્યુલોકમાં એ લિંગ ઉત્તમ છે; સ્કંદપુરાણમાં—आकाशे तारकं लिंगं पाताले हाटकेश्वरं। मर्त्यलोके महाकालं दृष्ट्वा काममवाप्नुयात्॥ ૨. પોતાના પતિના કંઠની શોભાસરખી શોભાવાળા તને. સમુદ્રમથન કરતાં નિકળેલું વિષ મહાદેવે પીધું ત્યારથી ગળાનો નીલવર્ણ થઇગયોછે, અને તે ઉપરથીજ એનું નીલકંઠ નામ ચાલ્યું. ૩. શિવના ગણ—નિકટના સેવક. ૪. જુવાન સ્ત્રિયો સજોડે જળક્રીડા કરે તેથી ચંદન વગેરે ધોવાઇ જળ સુવાસિત થાય, તેને યોગે ખુશબોદાર-ગંધવતીપવન. ૫. એ નામની નદીનાં જળસાથે અથડાઇને આવતો પવન. ૬. વાડીના કોમળ વૃક્ષોને. (મેઘને અંહિ મોકલવામાં ભાવ—આત્રી રસીલી શોભા જોય અને કલ્યાણ થાય.)

જળધર,[1] અહીં મ્હાકાળ સાયંકાળપેલો જો ગયો,
તો અસ્ત ભાનુ જતાંલગી તું ભજે નભમાં રયો;
સંધ્યાસમય પૂજન થતાં નોબતપડે બહુ ગડગડી,
ગંભીર ગર્જનતું સકળ ફળ પામશે તું તે ઘડી.[2] ૩૫

કંકણ ખળકતાં મણિ ઝળકતાં જડિત દાંડી કર ધરે,[1]
રશના[2] ઝમકતાં પગ ઠમકતાં નાચતી ચમ્મર કરે;[3]
નખઘાતને[4] સુખ આપતાં જળબુંદ અડતાં તુજભણી,
ગણિકા અદા કરશે હસી અલિહારસમ લાંબી ઘણી.[5] ૩૬

તાંડવ[1] પછી આરંભતાં શિવ કર ઘણા ઊંચા કરે,
તેપર રહી મંડળાકારે[2] રંગ સાંજતણો ધરે;
હર[3] જાસુરંગે[4] ચર્મ ગજનું રુધિરખરડ્યું વીસરે,[5]
કાળી નિહાળી ભક્તિ તારી થીર દૃગ તુંપર ધરે.[6] ૩૭

---

૩૫. ૧. જળ રાખનાર, હે મેઘ. ૨. ઉત્તમ વસ્તુ કોઈ પાસે હોય તેનું સાફલ્ય એજ કે પૂજ્યપુરુષને ઉત્તમ કામે વપરાય.

૩૬. ૧. રત્ને જડિત ચમ્મરની દાંડી હાથમાં ઝાલી ખેલાવતાં હાથનાં કંકણ ખળકેછે અને રત્નોના ઝળકારા થાયછે. ૨. કટિબંધ, કેડનું આભૂષણ. ૩. બેવડો ભાવ—ચમ્મર કરતાં શિવની સેવા પણ વળેછે; એવી રીતે હાથમા કંઇ વસ્તુ રમાડી નાચવું તે દૈશિક નૃત્ય કહેવાયછે. નૃત્યસર્વસ્વગ્રંથમા કહ્યું છે—खड्गकंदुकवस्त्रादि दंडिका चामरस्रजः । वीणां च धृत्वा यत्कुर्युर्नृत्यं तद् दैशिकं भवेत् ॥ ૪. નખે ખણેલું, સ્તન ગાલ વગેરે સ્થાને પ્રીતમે. ૫. આરતી વખતે નૃત્ય કરવા આવેલી ગણિકાઓને ઉપર દર્શાવેલું સુખ થતાં, હાસ્ય કરી તારાગમ ભમરાની હાર જેવી લાંબી શામળી અદા કરશે. એમ કહેવામા નેત્રને કમળ કહ્યાં. હાલમા પણ મોટા દેવસ્થાનમાં વર્ષાણબાંધેલી ગણિકા આરતીવખતે નૃત્ય કરવા આવેછે. (શિવની ઉપાસનાનું તાત્કાળિક ફળ કે ગણિકા સંબંધી લ્હાવો મળશે-એ ધ્વનિ.)

૩૭. ૧. હંમેશા સાંજે શિવ તાંડવનૃત્ય કરેછે. જેમાં અંગ બહુ વાળવાં પડે એવા હાવભાવસાથે નૃત્ય, ૨. ચારે પાસ ફરતો ઝુલતો. ૩. શિવ. ૪. સંધ્યાકાળનો તેં રંગ ધર્યોહોય તે જાસ્વણના જેવો લાલ રંગ જોઈ. ૫. ઇચ્છા ન રાખે. પેલાં હાથીનું રૂપ ધરી આવેલા દૈતને—ગજાસુરને શિવે મારી તેનું લોહીએ ટપકતું ચામડું હોડી નૃત્ય કરેલું. ૬. ભવાની પેલા ચામડાથી બીતાં, તે તારી ભક્તિ જોઈ હેતથી તારા તરફ જોશે.

પાછો ફરે[1] નગરે રમણવાસે[2] યુવતિ જાસે હવે,
નયને ન સૂઝે તિમિરપુંજે રાજમારગ[3] વ્યાપવે;
દેખાડ ભૂમી કનકરેખાસમી[4] ચપળાચમકથી,
જળગર્જના ન કરીશ બીકણ છળે ચપળા[5] ચમકથી. ૩૮

વિલસન[1] કરી થાકી ઘણું તુજ ચપળ ચપળા[2] નાર જો,
ગાળી નિશા કંહિ છજાંપર સૂતાં કબૂતર હોય તાં;
સૂરજ વળી નજરે પડે બાકી રહ્યો મારગ[3] વહે,
કો કામ માથે મિત્રનું લઈ મંદ થઇ બહુ નવ રહે. ૩૯

એ કાળ આંશુ પ્રિયતમે ખંડિતામુખથી[1] લૂછવાં,[2]
તેમાટ મારગ ભાનુનો ઝટ તજ અધીરો છે જવા;
નલિની[3] કમળવદનેથકી હિમઆંશુ હરવા એ વળ્યો,
તું રોધ[4] કરશે કરતણો[5] ક્રોધી થશે દ્વેષે બળ્યો.[6] ૪૦

જળ નદી ગંભીરાતણું પરસન્ન[1] ચિતસમ તેવિષે,
છાયાવડે[2] પણ સહજસુંદર દેહ તુજ દાખલ થશે;[2]
માટે કુમુદસમ ધવળ ચંચળ મીન ઉછળે પળપળે,
તે[3] અદા તું થંડો[4] બની એની રખે[5] નિષ્ફળ કરે. ૪૧

---

૩૮. ૧. શિવને આરાધી તું પાછો ફરી ઉજ્જન જા. ૨. રમાડનાર—પ્રીતમને મંદિરે. ૩. રાજમાર્ગે ઘાડું અંધકાર ફેલાઇજવાથી. ૪. સુનાનો કસ કાડતાં કસોટીપર સુનાની લીસોટી પડેછે, તેના જેવા વિજળીના ચમકારા કરીકરીને. ૫. એ ચંચળ કોમળ સ્ત્રિયો.

૩૯. ૧. ચમકારા કરીકરીને; વિલાસ કરીકરીને. ૨. વીજળી એજ સ્ત્રી. ૩. રસ્તો કાપ, મુસાફરીમાં આગળ ચાલ.

૪૦. ૧. જેનો પતિ બીજીપર આશક પડી રાત્રે બહાર પડીરહે તે સ્ત્રી. ज्ञातेऽन्यासंगविकृते खंडितेर्ष्याकषायिता ॥ ૨. ખંડિતાનાં આંશુ લુછવાનો—તેનું ચતુરાઈથી સમાધાન કરવાનો આ—પ્રાતઃકાળ ખરો સમય છે. ૩. કમળનો છોડ. સૂરજ આખી રાત દૂર રહેવાથી એ ખંડિતા નાયિકા. ૪. અટકાવ કરશે, આડો આવશે. ૫. કિરણ; હાથ. ૬. સૂર્યને ઈર્ષા આવશે ને તેને ક્રોધ થશે; કારણ ઉઘડું છે. (મતલબ કે હવે તારે ઉજ્જન છોડી નિકળવુંજ જોઈએ.)

૪૧. ૧. પ્રસન્ન=નિર્મળ; અનુરાગનાં કારણથી દોષરહિત. અંહિ બન્યો અર્થનું ગ્રહણ છે. જળ અને ચિત્ત બન્યોનું વિશેષણ છે. ૨. ઓળો; પ્રતિબિંબ, પ્રતિમા, છાપ. કુદરતી રીતે સુંદર જે તારૂં શરીર તેની છાયા ગંભીરાનદીનાં

જળવસન[૧] ખસતાં તટ ઉઘાડી જાંઘસમ સોહામણા,
કંઇ[૨] કરધર્યું દીસે અડકતાં[૩] બેતડાળે, શી મણા !
એ નીલ[૪] ચીર હરી ગમેત્યમ[૫] લળીલચી[૬] જાસે સખે,
કો રસચખો નારી ઉઘાડી જાંઘવાળી તજીશકે ? ૪૨

સીંચી કરેલી તુષ્ટ તેં વસુધા[૧] સુરમ[૨] દે પવનને,
ગજ શબ્દ નસકોરે કરંતાં પીજશે શુભ રીત તે ;[૩]
એ શીત વાયુ વને ઉદુંબરતણાં[૪] ફળ બહુ પકવતો,
નીચે રહી હળુહળુ તને રે દેવગિરિગમ[૫] પ્રેરતો. ૪૩

અહિં[૧] સ્કંદ[૨] વાસ કરી રહ્યા, તું પુષ્પરૂપી[૩] ઘન બણી,
આકાશગંગાજળે સીંચી કુસુમવૃષ્ટ[૪] કરે ઘણી ;
એ તેજ આદિતથી અધિક શિવ ભર્યું પાવકને મુખે,
કે ઇંદ્રની સેના રહે નિર્ભયપણે સઘળી સુખે.[૫] ૪૪

સ્વચ્છ જળમાં પડશે ; ગંભીરા—ઉદાર નાયિકાનાં દોષરહિત ચિત્તમાં તારૂં પ્રતિબિંબ શરીર પ્રવેશ કરશે. ગંભીરાનદીને ઉદાર નાયિકા કહી છે. ૩. ચંચળ મચ્છનું વારંવાર ઉછળવું તે ગંભીરાના પલકારા. એ પ્રેમાસક્તપણું પૂરેપૂરૂ બતાવેછે. ૪. બેદરકાર થઈ. ૫. ઇચ્છા સંપૂરણ કરજે.

૪૨. ૧. ગંભીરાનું જળરૂપી વસ્ત્ર. ૨. કંઇએક હાથે પકડીરાખી છેક નિકળીજવા ન દીધેલું-એવું જળવસન. ૩. પાણી ઘટીને તટ ઉપરથી ખસી તટની પાસે અંદરના ભાગમાં ઉગેલી નેતરની ડાળસાથે લાગેલું-જળવસન. ૪. કાળું વસ્ત્ર-જળમાં વાદળાની છાયા પડવાથી. ૫. તને અઘરૂં લાગવાનું છે તોપણ. ૬. ઊંચો ચડી, નીચો ઉતરી, એમ કરતાં કરતાં પણ, જળ લઈ ભારે થયો છે તેથી. ઉત્પ્રેક્ષાએ—છેલ્લી ઓળિમાં બતાવેલાં કારણથી. (બીજી ઉત્પ્રેક્ષા આવી થાય-તટસુધી જળ હોય તેમાં વાદળાની છાયા પડવાથી બધું જળ કાળું જણાય. પછી વાદળું તટ આગળથી ખસવામાંડે એટલે તટપરનું તેટલા ભાગનું જળ કાળું મટી ઉજળું દેખાવા લાગે—એજ કાળા વસ્ત્રનું જાંઘપરથી ખસીજવું.)

૪૩. ૧, પૃથ્વી. ૨. સુરાટ—વરસાદ પડતાં પૃથ્વીમાંથી સુરાટ નિકળેછે, એ જાણે સંતુષ્ટ થયલી પૃથ્વી શ્વાસ મૂકેછે. ૩. તે સુરાટવાળા પવનને. ગંધસોભી વનના હાથીઓ ઊંચી શુંઢ કરી સુંદર અવાજ કરતા એ સુરાટ લેછે. ૪. ઉમરડાનાં ઝાડ. ૫. માળવાના મધ્યભાગમાં એક પર્વત છે.

૪૪. ૧. દેવગિરિપર્વતપર. ૨. કાર્તિકસ્વામી—ઇંદ્રનો સેનાપતિ. ૩. ઇચ્છા-સ્વરૂપી છે એટલે ચાહે તે રૂપ ધરીશકે. ૪. એ રીતે સ્કંદની સેવા કર. ૫. ઇંદ્રની સેનાના રક્ષણમાટે શિવે એ સૂર્યથી પણ અધિક પ્રતાપી તેજ—પોતાનું વીર્ય—

ચકચકિત પાડ્યું[1] પીછ જેનું[2] પુત્રપ્રેમથકી[3] ધરે,
કાને ભવાની કમળદળની[4] સાથ સોહાવી ફરે;
શિવચંદ્રતેજે અધિક શુક્લ–અપાંગ પાવકિમોરને,[5]
નચવે કરી ગર્જન ગુહા વિસ્તારતાં તે સોરને.[6] ૪૫

વીણા[1] લઇ સ્કંદને આવે સિદ્ધજોડાં સેવવા,
વીણા જળે બગડે વિચારી ખસી તુજને દે જવા;
અહિંથી ઉતર[2] ચર્મણ્વતી ગોમેધથી[3] નિપની સહી,
એ કીર્ત્તિ ભૂતળ રંતિદેવતણી[4] નદીરૂપે વહી. ૪૬

એ નદીજળ લેવા નમે તું કૃષ્ણસમ રંગે જહાં,
ખેચરો[1] ખરે એકી નજરથી ભાળશે શોભા તહાં;
પોળો નદીનો દૂરથી પટ સાંકડો બહુ દીસતો,
ભૂકંઠ[2] મોતીમાળ મધ્યે નીલમણિ[3] શું મોહટો ! ૪૭

અગ્નિના મુખમાં મેલ્યું, તેજ સ્કંદ થયા. કથા આમ છે— તારકાસુરનામના દૈત્યથી ત્રાસી દેવો શિવને શરણે આવ્યા. શિવે કહ્યું કે હું તમને પ્રતાપી સરદાર આપીશ. એમ કહી બીજે કોઇ પ્રસંગે ખલિત થયલું પોતાનું વીર્ય હતું તે પાવકના મોમાં આપ્યું. અગ્નિથી એનો પ્રતાપ નહિ જેરવાયાથી તેણે ગંગાને સોંપ્યું. ગંગાએ એને શરના–બરૂનાં વનમાં જન્મ આપ્યો. અને કૃત્તિકા નામની ઋષિપુત્રીઓએ પાલણ કર્યું. પાવક ઉપરથી એનું નામ પાવકિ, શરનાં વનમાં જન્મ્યા માટે શરવણભવ, અને કૃત્તિકાએ પાલણ કર્યું માટે કાર્ત્તિકેય.

૪૫. ૧. ખેરવેલું—મોરે. ૨. મોરનું. સ્કંદનું વાહન મોર છે. ૩. પોતાના પુત્ર સ્કંદનું વાહન છે એ ભાવથી. ૪. કમળનું પત્ર. ૫. પાવકનો પુત્ર જે સ્કંદ તેના વાહન મોરને. મોરના ડોળા ધોળા છે માટે તે શુકલાપાંગ કહેવાયછે; તેમાં વળી શિવને મસ્તકે રહેલા ચંદ્રને તેજે વધારે શુકલાપાંગ. ૬. તું ગર્જના કરજે; તે ગર્જના ગુફામાં પ્રવેશી ઘોર મારે. એ રીતે તું મોરને નચાવજે. (ઉપલા શ્લોકમાં સ્કંદની સેવા બતાવી તેઉપરાંત મૃદંગ બજાવી સેવજે.)

૪૬. ૧. સતાર સારંગી વગેરે વાજિત્ર. ૨. એ નામની નદી—ચંબલ નદી, ત્યાં ઉતર. ૩. ગાય હોમવાના યજ્ઞ. ૪. ભરતરાજાથી છઠ્ઠો પુરુષ. એણે એટલા ગોમેધ કીધા કે તેનાં લોહીની નદી બનીગઈ.

૪૭. ૧. આકાશમાર્ગે ગમન કરનારા—દેવ ગંધર્વ ઈત્યાદિ. ૨. પૃથ્વીરૂપી સ્ત્રીની ડોકમાં. ૩. એ નામનું કાળું જવાહીર.

ઉતરી નદી[1] દશપુર[2] જજે, વાંછે સફળતા દેહની,
ત્યાં યુવતિ અભિલાષે ભરી નજરે પડે તું તેહની;
એ ચતુર નેનવિલાસ[3] કરતાં ત્રિરંગી[4] શોભા થશે,
ડોલંત કુંદઉપર ભમંતા ભમર શું આ તે હશે![5] ૪૮

અહિંથી જતાં બ્રહ્માવરતી[1] દેશે ઉતર[2] છાયાવડે,
ક્ષત્રી કુરૂક્ષેત્રે[3] લડ્યા તે ચિન્હ[4] હજી નજરે પડે;
તું કમળનો જ્યમ ધાણ કાડે પડી ધારા જોસથી,
ક્ષત્રીમુખે ગાંડીવધર[5] શર તીવ્ર વરસ્યો રોષથી. ૪૯

રેવતીલોચનચિન્હવાળી[1] સુરા[2] સ્વાદુ તજી બહુ,
હળધરે[3] વાલાંવાલથી[4] થઇ[5] સમરવિમુખજ સેવિયું[6];
તે સેવતાં જળ, ભાઇ, તું ભાવે સરસ્વતીનું થશે,
નિર્દોષ અંતર, કંઇ ન ચિંતા શ્યામ રંગે રેહશે.[7] ૫૦

---

૪૮. ૧. ચર્મણ્વતી. ૨. રંતિદેવનું નગર. ૩. ચોતરફ નજર ફેરવી કટાક્ષ કરવી તે. ૪. ત્રણરંગની—ધોળો, કાળો ને રાતો. ૫. તને નિહાળવા ત્યાંની વિલાસી ચતુર સ્ત્રિયો ઊંચું જોશે ત્યારે ત્રણ રંગે વિચિત્ર રસીલી શોભા થશે—જાણે ડોલતાં કુંદપુષ્પઉપર ભમરાઓ ઉડીઉડીને બેસીજવા નહિ જતા હોય! ડોળો તે કુંદ, કીકી તે ભમર.

૪૯. ૧. સરસ્વતી અને દૃષદ્વતી એ બે નદીવચ્ચેનો પ્રદેશ. ૨. છાયાવડેજ જજે, જાતે ના ઉતરતો. ક્ષત્રીઓએ કુરુક્ષેત્રમાં માહોમાહે લડી ભરતખંડનું સત્યાનાશ વાળ્યું, એ વિચારથી તિરસ્કાર. ૩. પાનીપત, કૌરવોનું—કૌરવ-પાંડવનું યુદ્ધ થયલું તે જગા. ૪. ખોપરીઓ વગેરે રખડતી કે દટાયલી. ૫. ગાંડીવધનુષ્યનો ધરનાર અર્જુન.

૫૦. ૧. પોતાની સ્ત્રી રેવતીની આંખનાં પ્રતિબિંબ જેમાં પડે એવી-સુરા. પ્યારીને પ્રથમ થોડી પાઈ પછી પોતે પીતા, એ નીતિ તે કાળમાં હતી. ૨. મદિરા, દારૂ. હળધરને સુરા બહુ વાલી, એટલે છોડવી કઠણ, છતાં તજી. ૩. બળરામ. એનું આયુધ હળમૂસળ હતું. ૪. પોતાના સગાંવાલાં જે કૌરવપાંડવ, તેના ઉપરના વાલને લીધે. ૫. લડાઇનો અનાદર કરી, લડાઈમાં કૃષ્ણની માફક સામેલ ન થતા. ૬. એનું કર્મ જળ. જળ સેવ્યું—સરસ્વતીનદીપર એકાંત સ્થળે જઈ રહેલા. ૭. બારની શુદ્ધિકરતાં અંતરની શુદ્ધિ વધારે અવશ્યની.

કનખલસમીપે[1] જા જહાં ગિરિ હિમાલયથી નીસરી
જાન્હવી[2] પાવન સગરસુતને સ્વર્ગનીસરણી ઠરી;
ગૌરીમુખે જે ભ્રગુટિરચના ફીણથી ક઼ાડી હસી,[3]
શિરચંદ્રસાથે કેશ શિવના ગ્રહ્યા લ઼ેરકરે ધસી.[3] ૫૧

સુરગજપ્રમાણે[1] પૂઠભાગે નભવિષે વાંકો રહી,[2]
એનું[3] સ્ફટિકસમ સ્વચ્છ જળ પીવા કદી ઇચ્છા થઈ;
શોભા કહું શી! છાય ત઼ારી પ્રવાહે મળતાં થશે,
યમુના મળી હોએ પ્રયાગવિના કહીં ત્યમ શોભશે.[4] ૫૨

એ જાન્હવીનું મૂળ ગિરિ[1] જે શ્વેત સુંદર હિમવડે,
વાસિત શિલાઓ છે જહાં કસ્તૂરિમૃગનો મદ પડે;
પોંચી તહાં સઘળો મટાડે થાક શિખરે શોભતો,
શિવપોઠિયે ધોળે ઉખેડ્યા[2] પંકજેવો શોભતો. ૫૩

---

૫૧. ૧. કનખલપર્વતની પાસે. ૨. ગંગાનદી. જન્હુઋષિ પીગયલા ને પછી જાંઘ ફાડી ક઼ાડેલી માંટે આ નામ; જે સગરરાજાના સ઼ાઠહજાર છોકરાઓને સ્વર્ગે જવાની સ઼ીડીરૂપ—મોક્ષદાતા થઈપડી. સગર એ હરિશ્ચંદ્રના વંશના આહુક રાજાનો પુત્ર. સગરે ૯૯ યજ્ઞ કર્યા, ને ૧૦૦ મા યજ્ઞવખતે યજ્ઞના અશ્વને ઇંદ્રે પાતાળમાં કપિલમુનિ ધ્યાનમાં બેઠાહતા તેની પાછળ બાંધીરાખ્યો. સગરે પૃથ્વી ખોદાવી પોતાના સ઼ાઠહજાર પુત્રને પાતાળમાં જોવા મોકલ્યા. એઓ ત્યાં જઇ બુમ પાડીઉઠયા કે ઘોડો અ઼મારો છે, છોડો. મુનિએ ક્રોધે આંખ ઉઘાડી એટલે તે બધા બળી ભસ્મ થયા. મુનિને બહુ સ્તવ્યા ત્યારે બોલ્યા કે એ઼ની મુક્તિ ગંગા અહીં આવશે ત્યારે થશે. સગરથી પાંચમો પુરુષ ભગીરથ થયો. એણે તપ કરી ગંગાજી સ્વર્ગથી ઉતારી પોતાના પૂર્વજો—સગરના પુત્રોને ઉદ્ધાર્યા. ગંગાનો ધોધ સ્વર્ગથી પડતાં પૃથ્વી ખોદાઈજાય તેથી શિવે ધોધ પોતાને મસ્તક પડવા દીધો. આ ગંગાનદી દેવીરૂપે શિવની સ્ત્રી ને કાર્તિકેયની માતા છે, (જો૦ ૪૪.), એટલે પાર્વતીની શોક થાય. ૩. શોક ભાવે ઈર્ષ્યાથકી ભવાં ચ઼ડાવી પાર્વતીનું જે જોવું, ત઼ેને ફીણરૂપી હાસ્યવડે ન ગણકારતાં, ધસીજઈ પોતાના લ઼ેરરૂપી હાથવડે જે ગંગાએ ચંદ્રસહિત શિવના કેશ પકડેલા—જેમ કોઈ પ્રૌઢા નાયિકા શોકનું સાલ ન સ઼ેવાયાથી રત્નસહિત પ્રીતમના કેશ પકડે.

૫૨. ૧. કોઈ દિગ્ગજની માફક—(જોવું. પૂ૦ મે૦ ૧૪). ૨. મોઢું જળતરફ અને પૂઠ આકાશતરફ, એમ વાંકો રહીને. ૩. ગંગાનદીનું. ૪. પ્રયાગ—અલ્લાહાબાદ-શિવાય બીજી જગાએ ગંગાજમનાનો સંગમ થયો હોયની શું! જમનાનું નીર કાળું છે. મેઘની છાયા કાળી, તે ઉપરથી ઉત્પ્રેક્ષા.

૫૩. ૧. હિમાલય. ૨. શીંગડે ઉખેડેલો કાદવ શીંગડે બાઝીરહેલો હોય ત઼ેવો. પોઠિયો શ્વેત અને પુષ્ટ, કાદવ કાળો—એપરથી ઉત્પ્રેક્ષા.

પવનવાયુ વાતાં સરલડાળી[1] ઘસાઈ પેદાથતો,
વનવન્હિ[2] જો ગિરિને દમે ચમરીનિમાળા[3] ઝાળતો ;
ધારા હજારે શાંત[4] કરવો એહને તુજને ઘટે,
સંપત્તિફળ ઉત્તમતણી કે દુઃખ દુખિયાનાં મટે. ૫૪

નિજ ગતિથી[1] ઊંચો છતાં શરભો[2] હઠે કોપી ઉડી,
ઓળંગવા[3] તુજને મથે નિજ અંગભંગ થવા પડી ;
તેને કરી તું વૃષ્ટિ ગાઢ[4] કરાતણી[5] વિખેરજે,
હાસી ન કોની થાય અણસમજ્યું કરે આરંભ જે ? ૫૫

ચોકખી પડી પગલી શિલાપર ચંદ્રમૌલિતણી[1] અહીં,[2]
સિદ્ધે[3] સદા પૂજેલ વિધિએ, પ્રદક્ષિણ કર નમ્ર[4] થઇ ;
એ[5] દેખતાંમાં દોષમુક્ત થઈ શરીર[6] પડ્યાપછી,
શ્રદ્ધાળુ પામે પદ ગણોનું અચળ શિવસનમુખ વસી.[7] ૫૬

વાંસો ભરાતાં પવનથી મધુરો સુરાવટ[1] ચાલતાં,
કિન્નરી[2] સંગે સૂર[3] મેળી ત્રિપુરપર[4] જય ગાય તાં ;
મરદંગપેરે ગડગડાટા ગુફામાં તુજ થાય જો,
સૌ સાજ ગાયનનો મળ્યો ત્રિપુરારિ મન મલકાય તો. ૫૭

---

૫૪. ૧. દેવદારનાં ઝાડ. ૨. વનમાં દવ-આગ લાગેછે તે. ૩. એક જાતની ગાય. એના પુછડાંના બાલનાં ચમ્મર બનેછે. ૪. બુઝવવો.

૫૫. ૧. પોતાની પોંચથકી તું હુંચો હોય તે છતાં. ૨. એક મૃગની જાતનું પ્રાણી. એને આઠ પગ કેછે, અને સિંહથી જોરાવર ગણાયછે. ૩. કૂદીજવા. ૪. ધાડાં. ૫. આકાશમાંથી ઠરીગયલાં પાણીનાં ગચિયાં.

૫૬. ૧. ચંદ્ર મસ્તકે છે એવા શિવ. ૨. હિમાચલપર. ૩. યોગીલોકે. ૪. નીચો નમી. ૫. એ શંકરની પગલીનાં દર્શન થતાંવારને. ૬. આ શરીર છોડયા પછી. ૭. શ્રદ્ધાળુ પુરુષો શિવના ગણની પદવી પામી સદૈવ શિવપાસે રહેછે—સાયુજ્યમુક્તિ પામેછે.

૫૭. ૧. સૂર ઉઠાવત્રો તે. ૨. એક દેવયોનિ છે—સ્વર્ગના ગંધર્વ. ૩. વાંસ-માંથી ઊઠતા સુરાવટની સાથે પોતાનો સૂર મેળવીને. ૪. ત્રિપુર નામના દૈતપર શિવે મેળવેલો જય. એ ઉપરથી શિવનું ત્રિપુરારિ નામ.

ગિરિતટસમીપે ચીજ જોવાજોગ તે સૌ મૂકતાં,[1]
છે પરશુધર[2]—જશમાર્ગ હંસો જ્યાંથકી દીસે જતાં;
તે ક્રૌંચરંધ્રે[2] ઉત્તરે જા બની ત્રાંછો[3] શોભતો,
પગ શ્યામ જેવો વિષ્ણુનો જે બળિદમનતત્પર[4] હતો. ૫૮

ઊંચે ચડી કૈળાસ જા ડોલ્યાં[1] શિખર જ્યાં રાવણે,
જે દેવવનિતાઆરસી[2] છે, અતિથિ[3] તું તેનો બણે;
ધોળાં કુમુદસમ[4] શૃંગથી[5] એ ઊંચ નભ વ્યાપીરહ્યો,
દિનદિને ત્ર્યંબકઅટ્ટહાસ દિસે મળી ઢગલો થયો.[6] ૫૯

---

૫૮. ૧. છોડીને આગળ જતાં. ૨. પરશુરામની કીર્તિની બારી. એ ભૃગુકુળમાં જમદગ્નિના પુત્ર, વિષ્ણુનો એક અવતાર છે. એણે પૃથ્વી એકવીસવાર નક્ષત્રી કરેલી. પરશુરામ શિવપાસે ધનુર્વિદ્યા ભણવા કૈલાસ ગયલા. ત્યાંથી ભણીને જતાં કાર્તિકસ્વામીસાથે બળવિષે વાદ થતાં સામો ક્રૌંચ પર્વત હતો તેમાં પરશુરામે મંત્ર ભણી બાણ માર્યું તેથી તે પર્વતમાં એક ખિંડ પડીરહી. એજ ક્રૌંચરંધ્ર—ક્રૌંચની બારી. એ ખિંડમા થઈ હંસો ચોમાસું વીતે હિંદુસ્થાનમાં અને ચોમાસું બેસતાં પાછા માનસરોવર જાયછે. ૩. કમાનઆકાર વાંકો. ૪. બળિરાજાને બંધન કરવા તૈયાર થયલો. બળિએ દેવોને જીતી સ્વર્ગથી હાંકીકાડ્યા, અને પોતાની સત્તા નિશ્ચળ સ્થાપવા એણે ૯૯ યજ્ઞ પૂરા કરી સોમો આરંભ્યો. તેમાં ભંગ કરવા વિષ્ણુ વામનઅવતાર ધારણકરી આવ્યા, ને બળિપાસે ત્રણ ડગલાં ભૂમિ જાચી. બળિયે પાણી આપ્યું કે વામને વૈરાટરૂપ ધારણકરી એક ડગલે પૃથ્વી માપી, બીજે આકાશ રોક્યું. ત્રીજું ડગલું મેલવાની જગા ન રહ્યાથી બળિની છાતી પર પગ ધરી એને પાતાળમાં દાબ્યો. છાતીપર મૂકવા પગ ઉંચક્યો તે વખતનું આ ચિત્ર છે.

૫૯. ૧. એકવાર રાવણ શિવનાં દર્શન કરવા કૈલાસ ગયો, તેને નંદીકેશ્વર પોળિયે અટકાવ્યાથી રાવણ ક્રોધમાં કૈલાસ પર્વત ઉપાડી ડોલાવવા લાગ્યો. શિવે જાગી પગ ઠોક્યો એટલે પર્વત પાછો પૃથ્વીમાં સજ્જડ બેઠો. રાવણ તેતળે ચંપાયો તે હજાર વર્ષ પ્રાર્થના કરી ત્યારે શિવે કાડ્યો. એ દિવસથી એ પર્વતનાં શિખર ડોલ્યાકરેછે. ૨. બરફ ઠરવાથી બાજુઓ ચકચકતી થઈ દેવાંગનાઓને આરસીનું કામ સારેછે. ૩. પરોણો. ૪. પોયણાંનાં ફૂલ. ૫. શિખર. એનાં બરફથી ધોળાં શિખરો આકાશને પોંચ્યાં છે. ૬. ત્રણ નેત્રવાળા—શિવનું રોજ ખડખડાટ હસવું એકઠું થઈ ઢગલો થયો હોયની! શિવ તાંડવનૃત્ય કીધાપછી રોજ ખડખડાટ હસેછે, અને હાસ્યનો રંગ શ્વેત, એઉપરથી ઉત્પ્રેક્ષા.

ગજદંત વેર્યો તરત એવા ગૌર[1] ગિરિતટ જ્યાં જશે,
તું કાલવ્યાં ઘુંટેલ કાજળસમો ત્યાં શોભા થશે ;
હળધરે[2] ખાંધે શ્યામ સેલું ધર્યુંહોય છટાથકી,
તેવો નિરખવાજોગ થાશે અચળ[3] અચળનયનથકી.[4] ૬૦

ફાડી ભુજગકંકણ શિવે દીધેલ કર ઝાલી કરે,[1]
એ શૈલ[2] ક્રીડાને કદી ગૌરી[3] પગે અહિંતહિં ફરે ;
આગળ જઈ વપુ ગોઠવે સીડીપડે ચીરા કરી,[4]
અંતર શમાવી જળ બધું, કે ચડે મણિતટ પગ ધરી.[4] ૬૧

કંકણતણે નિજ કાંગરે નિશ્ચે ઘસી જળ[1] કાઢશે,
સુરયુવતિ ધારાગૃહદશાને અહિં તને પોંચાડશે,[2]
તાપે તપેલીને મળ્યો તું, જો કદી છોડે ન એ,
ક્રીડામચેલીને સુખે ગરજી કઠોર બિવાડજે. ૬૨

ઊગે જહાં કંચનકમળ તે જળ લઈ માનસતણું,[1]
એ કાળ મુખપટ બની ઐરાવત રિઝવતો તું ઘણું ;[2]
પલ્લવ હલાવી કલ્પતરુનાં પવનથી અંશુકસમાં[3]
ચેનાંભરી ક્રીડા વિવિધથી માણ મોજ નગેંદ્રમાં.[4] ૬૩

---

૬૦. ૧. બરફથી સફેદ એ કૈલાસપર્વતની બાજુએ. તટ કેવાથી પર્વતનું ઘણુંજ ઊંચાણ સૂચવ્યું. ૨. કૃષ્ણના મોટા ભાઈ. એ ઘણા ગોરા હતા. ૩. એ કૈળાસપર્વત. ૪. એકી નજરે.

૬૧. ૧. પાર્વતી ડરે તેટલાસારૂ પોતાનું સર્પનું કંકણ કાઢીનાખી શિવ હાથ ધરે તે હાથ પાર્વતી પોતાને હાથે ઝાલીને. ૨. ક્રીડા કરવાને એ કૈલાસ પર્વતે. કૈલાસ, કનકાદ્રિ, મંદર અને ગંધમાદન—એ ચાર પર્વત દેવોએ શિવને ક્રીડા કરવા નિર્માણ કર્યા છે-શંભુરહસ્યગ્રંથમાં છે—कैलासः कनकाद्रिश्च मंदरोगंधमादनः। क्रीडार्थं निर्मिताः शंभोर्देवैः क्रीडाद्रयोऽभवन्॥ ૩. પાર્વતી. ૪. એ રીતે પાર્વતીને પગે ચાલતાં તું જોય તો આગળ જઈ ગાઢો બરફરૂપ બનીજઈ સીડી બનીજા કે ઈ૦. મણિતટ એ કૈલાસનું ઊંચામાં ઊંચું શિખર છે,. એ શિવને બહુ પ્રિય છે ને તેથી બહુ પવિત્ર ગણાયછે.

૬૨. ૧. તારામાંથી પાણી કાઢશે—સુરયુવતિ. ૨. તને પોતાનું ધારાગૃહ બનાવશે. હાલનાં 'શાવર બાથ' નો ચિતાર લેવો.

૬૩. ૧. માનસરોવરનું. ૨. શિવની સેવાનેઅર્થે આવેલા ઇંદ્રનો ઐરાવત-હાથી ત્યાં સરોવરમાં હોય તેના મુખઉપર તું જળ લેતી વખત છાયારૂપી જાંજરૂ

ઉત્સંગે[1] એને[2] પિયુતણે જ્યમ શિથિળગંગાવસ્ત્રની,[3]
અલકા[3] ન ભાળી ઓળખે શું કામચારી[4] તું બની !
તુજ[5] કાળ ઊંચે[6] વિમાનવાળી કામિનીસમ એ[7] ધરે,
મોતીલટે ગુંથ્યા અલકસમ જળ ટપકતાં અભ્ર રે.[8] ૬૪

ઉત્તરમેઘ.

ઘન, ગગન ઘર તાંનાં ઘુમે તુજસું શકે વાદે[1] ચડ્યાં,
ચિત્રે ધનુષ ભૂ મણિજડિતથી ગર્ભજળ ફીકાં પડ્યાં[2] !
ગરજે મધુર તું ઘોર નાદે તાં મૃદંગ બજે ઘણી,
તુજ સંગ ચપળા તાં ભલી શોભા લલિત[3] વનિતાતણી. ૧

વસ્ત્ર જાણે ઢાંકી તેને ગમત આપજે. ૩. બારીક વસ્ત્રસરખાં. ૪. કૈલાસપર્વતે તું મોકળે મને માલજે, એ તારો સહજ—કુદરતી મિત્ર છે. મેઘપર્વત, કમળસૂર્ય, સાગરચંદ, મોરમેઘ, પવનઅગ્નિ-એ સહજ મિત્ર છે.

૬૪. **૧.** પર્વતની ઢળતી બાજુ; ખોળો, જાંઘ. ૨. એ કૈલાસપર્વતને. ૩. ગંગારૂપી વસ્ત્ર જેનું શિથળ થઈ લબડી પડેલું છે એવી અલકા—કુબેરની અલકા નગરી; ગંગાજેવું શ્વેત વસ્ત્ર ઈ૦—એવી અલકા-સોહાગણ સ્ત્રી. ૪. ચાહે ત્યાં જઈ શકે એવો. કામચારી, એટલે તું કંઈવાર આંહ આવીગયોહશે. ૫ વર્ષાઋતુમાં. ૬. ઉંચી સાત માળની હવેલીઓ જ્યાંછે એવી અલકા; પ્રીતમજોડે ઉંચા પ્રકારનું રોષરહિતપણું રાખવાવાળી નાયિકા. ૭. અલકાનગરી. ૮. મોતીની સેરો ગુંથેલી એવા નાયિકાના ચોટલાસરખાં, જેમાંથી જળનાં બિંદુ ટપકતાં હોય એવાં વાદળાંને—ધરે. (આ શ્લોકમાં, કૈલાસપર્વત તે અનુકૂલનાયક, અને અલકાનગરી તે સ્વાધીનપતિકાનાયિકા—એ ધ્વનિ છે. ચિત્ર સુંદર રસિક છે. एकायत्तोऽनुकूल: स्यात् ॥ प्रियोपलालिता नित्यं स्वाधीनपतिका मता ॥ વળી ઉદાહરણ—लालयन्नलकप्रांतान् रचयन् पत्रमंजरीम्। एकां विनोदयन् कांतां छायावदनुवर्तते ॥

---

૧. **૧.** હરોબરી કરવા અડયાં. ૨. ઘરઉપરના રંગબેરંગી ચિત્રોઆગળ તારૂં મેઘધનુષ, અને રંગભૂમિએ જડેલાં મણિના ઝળકાટઆગળ તારી અંદરનાં પાણીનો ચળકાટ ઝાંખાં પડયાં હોયની શું! ૩. નાજુક રસીલી સુંદર સ્ત્રિયો. (અહિંથી અલકાપુરીનું વર્ણન. આ શ્લોકમાં ત્યાંનાં ઘરો અને મેઘની ઉંચાઈ વગેરે બાબતોમાં તુલના કરી છે.)

જ્યાં યુવતિકર રમવા કમળ ગુંથી અલક[1] કળિ કુંદની,
મુખકાંતિ લોધરકુસુમરજથી પાંડુતા પામે ઘણી;[2]
અંબોડલે કુરબક નવું કાને રૂડું સરસવ ધરે,
સેંથે કદંબ બિરાજતું જે યોગ[3] નિપજે તાહરે. ૨

જ્યાં નિત્ય તરુ ફૂલે ભર્યાંપર મત્ત મધુકર ગુંઝતા,
ટૌકા કરે નિત[1] મોર ઝગઝગ કળાથી બહુ નાચતા;
નલિની[2] કમળ આપે સદા વીટેલ[3] હારે હંસની,
રાતો સદા અજવાળિયાંની રમ્ય અતિ તમનાશની.[4] ૩

જ્યાં આંશુ તો આનંદનાં બીજે[1] નિમિત્ત ન યક્ષને,
જ્વર કામના[2] વિણ અવર તાપ[3] ન, શમે જે પ્રિયસંગમે;
નવ માન[4] પ્રણયતણાવિના બીજો વિયોગજ જાણતા,
બીજું ન વય જોબનવિના માને[5] વિલાસજ માણતા. ૪

જ્યા અગાસી આરસતણીમાં બિંબ તારાનાં પડે,
શોભે કુસુમ[1] વેર્યાં, તહાં સુંદરી લઇ યક્ષો ચડે;
પાએ પિયે મંદારમધ[2] જગાડનારું[3] અનંગને,
ગર્જનસમી[4] ઘેરી મૃદંગ બજી વધારે રંગને. ૫

---

૨. ૧. માથાના કેશમાં. ૨. લોધરફૂલની રજ પૌડરની માફક મોંડે લગાવે અને તેથી મુખની શોભા પાળચટા ગોરા રંગની થાય. ૩. તારે સંબંધે—વર્ષાઋતુમાં થાયછે. (સ્ત્રીનો સાદો શણગાર વર્ણવ્યો છે. તેની સાથે એમ સૂચવ્યું કે આ દેવભૂમીમાં બધી ઋતુનાં ફૂલ દરેક ઋતુમાં થાયછે. કમળ—શરદ્રુતુ; કુંદની કળી—હેમંત; લોધ્ર-શિશિર; કુરબક—વસંત; સરસવ-ગ્રીષ્મ; કદંબ—વર્ષારુતુ.)

૩. ૧. હંમેશાં—એમ નહિ કે ચોમાસામાંજ. ૨. કમળનો છોડ. ૩. ચોતરફ હંસની હાર છે એવી—નલિની. ૪. અંધારૂં નાશ કરનારી શોભિતી રાત હંમેશ—એટલે ત્યાં હંમેશ શુકલપક્ષ છે.

૪. ૧. શોક વગેરે બીજાં કોઈ કારણથી. ૨. કામજ્વરવિના—કામના જોરસાથી જે તાવ-પીડા થાયછે તેશિવાય. ૩. સંતાપ, પીડા, રોગ. ૪. પ્રીતમ-પ્યારીનું એકબીજાસાથે પ્રેમમાં રીસાવવું તે. ૫. સમજે, જાણે. (ત્યાંના લોકનું સુખ વર્ણવ્યું છે.)

૫. ૧. તારાનાં પ્રતિબિંબ તે જાણે ફૂલ વેર્યાંહોયની શું! ૨. મંદારનો રસ-આસવ. એ એક કલ્પવૃક્ષ છે માટે ઈચ્છેલું આપે. ૩. કામદેવને જગાડનાર—કામ ઉત્પન્ન કરનાર. ૪. તારી ગર્જનાના જેવી.

જ્યાં લ્હેર શીતળ પવનની મંદાકિનીથી[1] આવતી,
મંદાર તટ ઊગેલની પરિતાપ છાય શમાવતી[2];
કન્યા કનકરેતે[3] રમે ત્યાં ખેલ ગુપ્તમણિ[4] મળી,
સંતાડતી મણિ ખોળવા,[5] જાચે અમર વરવા લળી.[6] ૬

જ્યાં કામવશ[1] પિય ધીટ[2] કરથી ચીર ખેંચે કાડવા,
તે[3] ગાંઠ છૂટી શિથિળ પડતાં એબ મથતી ઢાંકવા;
એ બિંબસરખા[4] ઓઠવાળી બની લજ્જાઘેલડી,
મિથ્યા રતનદીવાગમી[5] ફૂંકે ગુલાલનીં મૂઠડી. ૭

જ્યાં પવનપ્રેર્યા[1] જલદ[2] તુજસમ ચડી માળે સાતમે,
સુંદર છબી બુંદે બગાડી વળી પાછા તે[3] સમે;
સંકોચ[4] પામી ધૂમપેરે જાળિયેથી નીસરે,
જાણે બન્યા ભયભીત એવું કામ અવિનયનું કરે. ૮

જ્યાં અર્ધરાતે સ્વચ્છ ગગને પ્રકાશે નિરમળ શશી,
તે[1] કિરણયોગે જાળગુંથ્યાં[2] ચંદ્રકાંતથકી[3] ધસી;
જળ ઝરી સાતા કરે નારીખેદ[4] અંગતણો હરી,
પ્રિયતમે જેને સુરતસમયે[5] ભીડી ભુજ ઢીલી કરી. ૯

---

૬. ૧. આકાશગંગા. ૨. મંદાકિનીને તટે ઉગેલ મંદારની છાય પરિતાપ શમાવતી ૩ સુન્નાની રેતીમાં. ૪. એ નામની દેશી રમત. ૫ કોઇ સંતાડે ને તે કોઈ ખોળીકાડે ૬. એ બાળાઓનો પ્રેમ મેળવવા કાલાવાલા કરે; એ બાળાઓ તે ગણકારતી નથી. આ અજ્ઞાતયૌવનાનું વર્ણન છે.

૭. ૧. અતિ કામાતુર થયલો. ૨. બેશરમ, હઠે નહિ એવો—કર. ૩. તે ચીર. ૪. ઘિલોડું પાકાં ઘિલોડાંસરખા રાતા અધરવાળી. ૫. દીવાને ઠેકાણે વપરાતાં રત્નોતરફ. (આમાં બાળાની મુગ્ધાવસ્થા વર્ણવીછે. એ અવસ્થામાં શરમ ઘણી અને વાલી લાગે એવી નાદાની હોયછે. મુગ્ધા શબ્દનો અર્થેજ મૂરખ-બાવરી.)

૮. ૧. પવનવડે મવેશ પામેલા. ૨. મેઘ. ૩. તરતજ. ૪. સંકોડાઈને. (આમાં ધ્વનિ આવો છે—વ્યભિચારી માણસને અંતઃપુરનો કોઇ જન અંતઃપુરમાં લઇજાય, ત્યાં તે કુકર્મ કરી ઝાઝીવાર ન થોભતાં વેશ પલટી અપ્રસિદ્ધ માર્ગેથી બ્હાર નિકળીજાય. શબ્દો બધાજ દ્વિઅર્થી રાખ્યા છે.)

૯. ૧. ચંદનાં કિરણ અડકવાથી. ૨. પલંગપર લાખેલી મચ્છરદાનીમાં ગુંથેલાં. ૩. એક મણિ છે. એના ઉપર ચંદકિરણ પડવાથી એમાંથી પાણી ઝરપેછે. ૪. સ્ત્રીનો થાક. ૫. સંભોગવખતે.

જ્યાં અખુટ ઘરભંડાર એવા[1] અપ્સરા[2] ગણિકા લઈ,
વૈભ્રાજ[3] નામે બ્હાર વાડી નિત્ય ત્યાં કામી જઈ;
માણે મઝા વાતે[4] મચ્યા સાથે વળી કિન્નર[5] ઘણા
મીઠે સ્વરે ઊંચે સુરે જશ ગાય જે[6] ધનપતિતણા.[7] ૧૦

જ્યાં ઠમક ગતિએ ચાલતાં શિરથી[1] કુસુમ મંદારનાં,
ને છેદ[2] પત્રલતાતણા, સેરોથકી[3] મોતી ઘણાં;
પડતાં કનકકમળો કરણથી, હાર તૂટયા ઉરથળે,
એથી[4] પ્રભાતે કામિનીનો માર્ગ રાતતણો કળે.[5] ૧૧

જ્યાં દેવ[1] ધનપતિમિત્ર જાતે[2] વસેછે તે જાણતો,
મન્મથ[3] પણછ[4] ષટ્પદતણીનું ધનુષ બીહે[5] તાણતો;
પણ કામ કામતણું ચતુરવનિતાકટાક્ષે સિદ્ધ છે,[6]
ચૂકે ધનુષ, આથી[7] અચુક કામીહૃદય તો વિદ્ધ છે. ૧૨

જ્યાં એક[1] સુરતરુ સકળ[2] સ્ત્રીશણગાર પૂરાપાડતું—
મધુ આંખને લ્હેરી કુટિલતા દઇ નિત્ય રમાડતું;[3]
કળિ, પત્રદળ,[4] ચીરો વિચિત્ર,[5] વળી વિવિધ ભૂષણ ઘણાં,
અળતો ચરણકમળે ચિતરવાજોગ, ત્યાં રહી શી મણા! ૧૩

---

૧૦. ૧. કામીનું વિશેષણ. ૨. અપ્સરા એજ ગણિકા. ૩. કુબેરનો મોટો બાગ છે. ૪. સુંદર અપ્સરાઓ સાથે વાતમાં તલ્લીન થયલા. ૫. સ્વર્ગના ગવૈયા–ગાંધર્વ. ૬. કિન્નરો. ૭. કુબેરના.

૧૧. ૧. અલકમાં ગુંથેલાં ત્યાંથી. ૨. એક વેલ છે તેના કકડા, એ પણ શિરથી. ૩. મોતીની સેરો, એ પણ શિરથી. ૪. ઉપલી વસ્તુઓ રસ્તે પડેલી તેથી. ૫. કામાતુર અભિસારિકા નાયિકાઓ આ રસ્તેથી રાત્રે ગયલી એમ જણાયછે. અભિસારિકા–સંભોગને માટે પ્રીતમને મળવા સંકેત સાધીરાખનારી સ્ત્રી.

૧૨. ૧. કુબેરનો મિત્ર શિવ. ૨. સાક્ષાત્, મૂર્ત્તિરૂપે બધે હોયછે તેમ નહિ. ૩. કામદેવ–મનને ડોળીનાખનાર. ૪. ભમરાની પણછ છે એવું–ધનુષ. ભમરાની પણછ એટલાસારૂ છે કે ભમરાના ડંખની માફક કામનાં બાણ કામાતુરનાં હૃદય કોરેછે. ૫. કારણ કે પૂર્વે શિવે કામને બાળીનાખેલો. ૬. પણ કામીનાં હૃદય ભેદવાનું કામનું જે કામ, તે ચતુર વનિતાઓની અદાવડે પારપડેછે. ૭. ચતુર-વનિતાકટાક્ષથી.

૧૩. ૧. એકલું કલ્પવૃક્ષ. ૨. બધાં ચારે પ્રકારનાં સ્ત્રીનાં ભૂષણ—कचधार्यं देहधार्यं परिधेयं विलेपनं। चतुर्धा भूषणं प्राहुः स्त्रीणामन्यच्चदैशिकम् ॥ ૩. આંખને

તાં ધામ ધનપતિનાંથકી ઉત્તર દિસે ઘર માહરૂં,
દૂરેથકી તોરણ[1] ઝળકતું ઈંદ્રચાપસમું[2] ખરૂં;
પાસે પિયાએ પુત્રવત મંદારછોડ ઉછેરિયો,
તે હાથ પોંચે એમ લુમખે[3] કુસુમનેજ લળીરયો.[4] ૧૪

અંહિ[1] વાવ મરકતપગથિયાંની,[2] માંહી હેમકમળ ખીલ્યાં,
છે નાળ[3] જેના[4] ચળકતા વૈડૂર્યમણિના[5] શામળા;
એને જળે નિશ્ચિત થઇ હંસો રહ્યા વાસો વસી,
પાસેજ માનસ પણ જવા ઇચ્છા ન ચોમાસે કસી.[6] ૧૫

છે નીલમણિમય[1] શિખરવાળી ટેકરી ક્રીડાતણી,[2]
તીરે,[3] કનકકદળીથકી વીટાયલી શોભે ઘણી;
વાલી[4] પિયાને માટ, વાલા, સાંભરે ચિતચમકથી,[5]
ચોગમ નિહાળી આજ તારી ચપળ વિજળી ચમકતી.[6] ૧૬

કુરબકે વીટયા માધવીમંડપસમીપે છે અહીં,[1]
પલ્લવે લાલ[2] અશોક નમતો,[3] મનોહર કેસર[4] વળી;
ઇચ્છે પ્રથમ[5] ડાબો[6] ચરણ મુજપટે[7] તુજ ભાભીતણો,
દોહદતણે[8] બ્હાને, અવર વાંછે વદનમદિરા[9] ઘણો. ૧૭

ઘેરથી ઘેરી બનાવી વાંકાપણું આપનારી—પ્રીતમનું હૈયું ભેદનારી મીઠી કટારી બનાવનારી મદિરા. ૪. પલ્લવ, કુમળાં પાંદડાં, કુંપળ, ૫. રંગબેરંગી.

૧૪. ૧. દરવાજાની કમાન. ૨. મેઘધનુષની માફક—ઉંચું આવેલુંછે અને તેમાં જડેલાં રત્નો ઝળકારેછે માટે. ૩. ફૂલના ઝુમખાને લીધે. ૪. મનોહર રીતે નીચો નમીરહેલોછે.

૧૫. ૧. મારાં ઘરને સંબંધે. ૨. પગથિયે પાનાં જડેલાં એવી. ૩. દાંડા. ૪. જે હેમકમળના. ૫. એક કાળા રંગનું મણિ છે. ૬. સ્થાન એવું રમણિક અને જળ એવું સ્વચ્છ કે ઈ૦.

૧૬. ૧. નીલમ—આસમાની રંગનાં મણિની. ૨. અમારે રંગભોગ કરવાની. ૩. એ વાવને તીરે. ૪. એ ટેકરી મારી પ્રિયાને બહુ વાલી છે માટે. ૫. સાંભરી-આવેછે અને ચિતમાં ચોંક પેદાથાયછે. ૬. તારી ચોતરફ વીજળીના ચમકારા થતા જોઈ. ચોગર્દમ સુન્નાની કેળસાથે વીજનું સાદૃશ્ય, અને વચ્ચે નીલમણિની ટેકરીસાથે મેઘનું સાદૃશ્ય. એટલે સાંભરેજ; અને સદૃશવસ્તુના દર્શનથી પ્રિયવસ્તુનું સ્મરણ થતાં ચિતમાં ચમક થાય એ સ્વાભાવિક.

૧૭. ૧. અહીં ક્રીડાટેકરીઉપર ચોતરફ કુરબકછોડ આવેલાછે એવો માધવીલતાનો માંડવો છે, અને તેની પાસે: ૨. લાલ અને શ્વેત પુષ્પઉપરથી અશોક બે

મધ્યે[1] સ્ફટિકપાયાઉપર છે વાસથંભ સુવર્ણનો,
જડેલ જ્યાં મણિ લીલરંગી વાંસતુલ્ય સુવર્ણનો ;[2]
તેપર સખા તુજ નીલકંઠ[3] વસે નિરાંતે સાંજના,
નચવે પિયા કરતાલ[4] લઇ ઝણકારથી કંકણતણા. ૧૮

રાખી સ્મરણમાં ચિન્હ આ[1] ભાળી વળી ભીંતે લખ્યા,[2]
શંખ[3] ને પદ્મજ બારણે, ઓળખ[4] દયાળુ નિપુણ[5] સખા ;
મારૂં ભવન હમણા હશે નિસ્તેજ નિશ્ચે મુંજવિના,
સૂરજ જતાં શોભા કમળ નિજ રાખશે કો દિવસ ના. ૧૯

જલદી પ્રવેશ થવા ધરી તનુ બાળહસ્તીનું[1] વળી,
બેસી પ્રથમ વર્ણેલ સુંદર શિખરવાળી ટેકરી ;[2]
ખદ્યોતહારસમાન[3] થોડા ભાસવાળી નિર્મળી,[4]
વિજળીતણા ચમકારથી જો્ને નજર ઘરમધ્યે કરી. ૨૦

જાતના છે-રક્ત અશોક અને શ્વેત અશોક. તેમાં રક્ત કામ જગાડેછે, અને શ્વેત બહુ સિદ્ધિને આપે ; માટે અહિંયાં લાલ અશોક. ૩. પલ્લવને ભારે નમતો, જાણે મસ્તક નમાવી જાચતો. ૪. કેસર-બકુલવૃક્ષ. ૫. અશોક. ૬. ડાબા પગવડે તાડણ. ૭. જેમ હું ડાબા ચરણ અને વદનમદિરાનો લોભી થાઉંછું તેમ. ૮. ફળવાની ઇચ્છા અથવા જેથી ફળે એવી ક્રિયા. ૯. મુખમાં મદિરા ભરી કોગળો કરવો તે. સ્ત્રીનો ડાબો પગ અડકવાથી અશોક, અને મુખના કોગળાથી બકુલ નહિ ફળતું હોય તે ફળેછે.

૧૮. ૧. એ અશોક અને કેસરવૃક્ષોની વચમાં. ૨. મોરને બેસવાનો સુન્નાનો સ્તંભ છે, સ્ફટિકમણિના પાયાઉપર અને ઉપલે ભાગે કુમળા વાંસના જેવા લીલા રંગનાં મણિ—મરકતમણિ-પાનાં જડેલાં છે, એવો શોભતો. ૩. મોર. ૪. હાથવડે તાલ બજાવી.

૧૯. ૧. ઉપર ગણાવેલાં તોરણાદિ. ૨. ચિતરેલા. ૩. પદ્મ, મહાપદ્મ, શંખ, મકર, કચ્છપ, મુકુંદ, નંદ, નીલ અને ખર્વ—એ કુબેરના નવ નિધિ છે. તેમાંના બે બારણે ચિતરેલા છે. ૪. એ બધી એંધાણીથી મારૂં ઘર ઓળખીકાડજે. ૫. ચતુર, રસિક.

૨૦. ૧. નાના હાથીનું, મોટા હાથીની ગતિ મંદ હોય માટે. ૨. ક્રીડાટેકરી. ૩. આગિયાની હારના જેવી-વીજળી. ૪. આંખ ઝંખવીનાખે એવી નહિ-વીજળી; કરડી નહિ, મીઠી—નજર.

નાજુક યુવતિ,[1] કટિ પાતળી, ગંભીર[2] નાભિ, અધર વળી,
છે પક્વબિંબસમાન, હરણી ચકિતસરખી[3] આંખડી;
તીણા[4] દશન, ભારે[5] જઘનને મંદગતિ, કુચભારથી,
ઝૂકી કંઇ, સ્ત્રી એજ શું ઉપની પ્રથમ કરતારથી![6] ૨૧

બાળા હશે એવી તહાં તે[1] જાણ બીજો[2] પ્રાણ છે,
સહચરવિના[3] ચકવીપઠે એકલી નિયમિતવાણ[4] છે;
ધારૂં, હશે બદલાઈ રૂપે દિવસ લાંબા[5] કાડતી,
દુખમાં વિરહથી, પદ્મિની[6] દીસે હણાઇ[7] ટાડથી. ૨૨

ધારૂં, રડીરડી આંખ સૂજી, અધરની લાલી જઇ,
ફીકો[1] પડ્યો નિશ્વાસની[2] ઝાળે, વદન નિજ કર દઇ,[3]
બેઠી પ્રિયા, છૂટી[4] લટોથી મુખ સકળ[5] નવ દીસતું,
વાદળે છાયા ચંદ્રસરખું રાંકડું ને શોભતું. ૨૩

પડશે નજર ઝટ તે તને પૂજનઅર્ચનમાં મચી,
કે કૃશ છબી મુજ વિરહથી ચિતમાં ધરીને ચિતરતી;[1]
કે પાંજરે મેના મધુરવચનીજ તેને પૂછતી,
રસિલી, તને પતિ સાંભરે? તેને તુંએ વાલી હતી. ૨૪

---

૨૧. ૧. જુવાન—યુવાવસ્થાને મધ્યભાગે આવેલી સ્ત્રી. ૨. હંડી. આ વિશેષણ અતિશય કામીપણું સુચવેછે. ૩. ચોંકેલી. આથી એનું પદ્મિનીપણું સૂચવ્યું. ૪. અણિયાળા દાંત. આથી સૂચવ્યું કે એ ભાગ્યશાલી છે અને પતિને દીર્ઘાયુ કરવાવાળી છે. ૫. કેડની પાછળના ભાગના ભારને લીધે. ૬. શિલ્પી—કારીગરો ઘણુંકરી પોતાની પેલી કૃતિમાં અતિશય કાળજી રાખવાથી તે ઉત્તમ નમુનો બનેછે. (વિયોગપેલાંનું આ રૂપ વર્ણવ્યું છે.)

૨૨. ૧. તને ઓળખજે-આપેલી એંધાણીથી. ૨. મારો બીજો જીવ. બે પ્રાણ એટલે બન્યોના સમાગમથીજ હું જીવીશકું. ૩. હંમેશનો સાથી. એક પળનો વિયોગ ન સેવાય એમ બતાવેછે. ૪. થોડુંજ અણછુટકે બોલતી. ૫. વિરહનાં કારણથી લાંબા લાગતા. ૬. નલિની, કમળનો છોડ. ૭. ઝરડાઇગયલી જુરાજુરીને. (હવે વિયોગની સ્થિતિ વર્ણવેછે.)

૨૩. ૧. એનો કર્તા અધર. ૨. મનનો અતિશય સંતાપ બતાવેછે. ૩. હાથપર ગાલ ટેકવી. અતિ ચિંતા દર્શાવેછે. ૪. વિયોગમાં શણગાર ન થાય માટે. ૫. અરધુંજ સ્પષ્ટ દેખાય. ચંદ્રસાથે સાદૃશ્ય હુબેહુબ છે.

૨૪. ૧. મારા મીતમનું શરીર વિરહથી સૂકાઈને આવું થયલું હશે, એમ

કે ધરી વીણા, મિત્ર, ખોળે મલિનવસને[1] ઉલટથી,
મુજ[2] નામવાળું પદ રચી ઊંચે[3] સુરે ગાવા જતી
તારો પલળતા આંશુએ[4] લૂછી સમારી મેનતે,
જાતે અલાપ[5] કરી ફરીફરી ખેદ પામે વિસરતે.[6] ૨૫

અથવા વિરહદિવસે નિમેલી અવધના બાકી રહ્યા,
તે માસ ગણતી ભોંય મેલી ફૂલ ઉમરે જે ધર્યા;
કે સંગ[1] અનુભવતી ધરી[2] ઉપચાર[3] હૈયે મુજતણો,
એવે વિનોદે[4] કાળ વિરહે જાય બહુધા[5] યુવતિનો. ૨૬

ધારૂં, દિવસ એ રીત કાડે નિશાએ ન વિનોદ[1] તો,
મારો વિયોગ હશેજ ભાભી તારીને બહુ પીડતો;
અરધી નિશા એ સાધવી અવની[2] પડીછે જાગતી,
બારી રહીને જાંખ સુખણી કર પછી મુજ કેણથી. ૨૭

મનપીડથી તનુ[1] વિરહશયને[2] એક[3] પાસે છે પડી,
જેવો પૂરવમૂળે[4] કળાનિધિ[5] રહે ક્ષીણકળા[6] થઇ;
મનમાનતા મુજ સંગ ભોગોથી નિશા ક્ષણવત જતી,
લાંબી વિરહથી તેજ ઊનાં આંશુ પાડી કાડતી. ૨૮

પોતાનાં મનમાં પ્રથમ છાપ પાડી બહાર ચિતરતી હશે. વિયોગમાં આ પણ એક વિનોદ છે. જોવું ૪૩-૬.

૨૫. ૧. મેલાં વસ્ત્રવાળે. ખોળેનું વિશેષણ છે. ૨. જેમાં મારૂં નામ-મારો નામસાથે સંબંધ આવે એવું. ૩. ગાંધારગ્રામે. દેવયોનિઓ એ ગ્રામે ગાય. षड्जमध्यमनामानौ ग्रामौ गायंति मानवाः। न तु गांधारनामानं सलभ्योदेवयोनिभिः ॥ ૪. પ્રીતમનાં સ્મરણથી આંશુ. ૫. મૂર્છના—સુરાવટ કરી રાગનું સ્વરૂપ બાંધવું તે. ૬. એનો કર્મ અલાપ છે. પોતે ઉઠાવેલી અલાપદારી પોતેજ ભૂલીજાય, તેથી ઇ૦.

૨૬. ૧. મારો સંગ. ૨. મનમાં યાદ કરી. ૩. ચુંબનાદિ વ્યાપાર. ૪. દુઃખ નિવારણ કરવાના ઉપાય. ૫. ઘણુંકરીને.

૨૭. ૧. ઉપર ગણાવેલા વિનોદ નહિ તેથી. ૨. પથારીએ ચેન ન પડવાથી ભોંયપર. (આ જાગરાવસ્થા બતાવી.)

૨૮. ૧. સુકાઇગયલી. ૨. વિયોગને લાએક બિછાને—પાંદડા વગેરેની પથારીમાં. ૩. એકકોરે અને એકપાસાભેર. ૪. પૂર્વદિશાનાં મૂળઆગળ, જ્યાં ચંદ્ર પ્રથમ બીજને દિવસે ઉગેછે. આથી શુકલપક્ષ સૂચવી પૂર્ણકળા થવાની

થંડાં કિરણ અમ્રતસમાં ચંદ્રનાં જાળી આવતાં,
જોતી ધરી મન હોંસ, હોસે પૂર્વવત સુખ આપતાં;
ઝટ ફેરવી[1] ચખ ઢાંકતી જળથી[2] ભરી પાંપણવતી,
થળકમલિની[3] જ્યમ સાભ્ર[4] દિવસ ન ઊંઘતી કે જાગતી.[5] ૨૯

નિશ્વાસ મૂકી અધરપલ્લવ[1] સુકવનાર, ખસેડતી,
ગાલે ઝુમેલા કેશ લૂખા[2] કઠણ[3] શુદ્ધસ્નાનથી[4];
મુજ સંગ સ્વપ્ને પણ કદાપિ મળે વિચારી ઇચ્છતી,[5]
નિદ્રા ન આવે તોય તોયપ્રવાહ[6] વેતાં આંખથી. ૩૦

માળા[1] તજી બાંધી શિખા[2] પેલે વિરહદિવસેજ જે,
શાપને અંતે શોકથી મૂકાઇ ઊકેલીશ તે;
એ કઠણ વેણી[3] વિષમ[4] ગુંથેલી અડકતાં ખુંચતી,
હરઘડિ ખસેડે નખવધેલે કરવડે ગાલેથકી. ૩૧

આભરણ અબળાએ તજ્યાં, કોમળ શરીર મથી મથી,
ઘડીઘડી શય્યામાં ધરે પણ ચેન મન લેશે નથી;
તે જોઇ આંશુ પાડશે તું પણ ખરે નવજળતણાં,
બહુધા દ્રવિતમનનાં[1] જનો સૌ હોય કરૂણાળુ ઘણાં. ૩૨

શુભેચ્છા દર્શાવીછે. ૫. ચંદ. ૬. કળા ઘટી તાંતણાજેવો થઈગયલો. (પાંદડાંની પથારી તે નીળું આકાશ, અને તેમાં એકકોરે એકપાસાભેર સૂકાઈ ગયલી ગોરી સ્ત્રીનું વાંકું સૂવું તે સુદબીજનો ચંદ. આ કાર્શ્યાવસ્થા કહી.)

૨૯. ૧. ચંદકિરણ દુઃખદ થવાથી આંખ ફેરવીનાખી. ૨. આગલા સુખના દિવસ યાદઆવતાં આંશુ ભરાઈઆવે. ૩. એક જાતનો કમળછોડ છે. ૪. વાદળાં થતાં હોય એવે દિવસે. ૫. સૂર્ય દેખાતાં ખીલે ને વાદળું આવીજતાં પાછાં કમળ બીડાઈજાય માટે. (આથી વિષયદ્વેષ છઠ્ઠી દશા સૂચવી.)

૩૦. ૧. ઓઠરૂપી કુંપળને સુકવનાર—નિશ્વાસ. ૨. તેલવનાના. ૩. ખૂંચે એવા. ૪. તેલ વગેરે મર્દન વગર નાવું તે, વિરહમાં છે માટે. ૫. સ્વપ્ન કર્મ છે. ૬. જળનો—આંશુનો પ્રવાહ.

૩૧. ૧. બાલમાં ગુંથેલા ફૂલ ગજરા વગેરે. ૨. જટા-જોગીના જેવી. ૩. એક-વેણી-શિખા. ૪. ગમેતેમ વિખરાયલી. (એવી મારી પ્રિયાને તું જોશે, એ સંબંધ.)

૩૨. ૧. મન પિગળે એવા-કોમળ મનના. મેઘ તો દ્રવિત છેજ.

તારી સખીનું મુજવિષે મન પ્રેમથી ભરપૂર છે,
જાણી કરૂં હું તર્ક એવી થઇ પ્રથમવિરહેજ[1] તે ;
નવ[2] જાણતો હું નિજ બડાઇમાં લવુંછું આ સહુ,
પ્રત્યક્ષ[3] એ સઘળું થશે ઝટ, ભાઇ, હું જે જે કહું. ૩૩

અંજનવિના લૂખું[1] વિરસ, રોકી નજર લટ અલકની,[2]
ભૂલ્યું વિલાસો ભ્રૂતણા[3] બાધાથકી મધુપાનની ;
મૃગલોચનીનું નયન[4] ઊંચું[5] ફરકશે તું ત્યાં જતાં,
શોભે કમળ કંઇ હોય કંપ્યું મીન ચંચળ કૂદતાં. ૩૪

નખઘાત[1] મારા જ્યાં[2] નથી, દીસે નહીં હંમેશની,
મોતીતણી[3] માળા જહાં—છે અકળ ગતિ પરમેશની ;
સંભોગઅંતે નિત્ય જ્યાં મર્દન થતું મુજ હાથથી,
તે જાંઘ ડાબી સરસકદળીગૌર[4] ધ્રુજશે એહની. ૩૫

તે કાળ નિદ્રાસુખ કદી પામી, જલદ, તો પ્હોર તું,
થોભે જઇ પાસે કરીશ મા ગર્જનાનો સોર તું ;
જયમત્સમકરી સ્વપ્ને મળ્યો પિયુ, કંઠ[1] ભુજવેલીતણી,[2]
દૃઢ ગાંઠ હોય[3] પડી, રખે તે તરત તોડે ચોંકવી. ૩૬

જળકણે શીતળ પવનથી[1] એને જગાડે ને પછી,
માલતીકળિ[2] કુમળીપઠે કર સ્વસ્થ સુખસાતાભરી ;
માનિની જાળીએ તને નિશ્ચળ નયનથી જોય કે,
વિજળી[3] નિવારી ધીર[4] ધારી સ્તનિતવચને[5] બોલજે. ૩૭

---

૩૩. ૧. પ્રથમ વિરહ એ અતિશય દુઃખનું કારણ. ૨. તું એમ ન સમજતો કે. ૩, એ બધું તારા જોવામાંજ આવશે.

૩૪. ૧. નયનનું વિશેષણ. ૨. બાલની લટે નજર રોકીછે એવું—નયન. ૩. ભવાંના, ભ્રગુટીના. ૪. ડાબું. ૫. ઊંચું ફરકે, એ વ્હાલી વસ્તુની પ્રાપ્તિ સૂચવેછે- इष्टप्राप्तिं दृशोरूर्ध्वमपांगे हानिमादिशेत् ॥

૩૫. ૧. નખનાં ચિન્હ. ૨. જે જાંઘપર. ૩. કટિભૂષણ. ૪. ગોરી રસે ભરી કેળના થંભસરખી. ડાબી એક જાંઘનું ફરકવું તે રતિસુખનું નિમિત્ત છે— ऊरोः स्पंदाद्रतिं विंद्यादुर्वोः प्राप्तिं सुवाससः ॥ .

૩૬. ૧. પિયુને કંઠે. ૨. કોમળ હસ્તરૂપી વેલી. ૩. ગાઢ આલિંગન થયું હોય.

૩૭. ૧. શીતળ પવનથી જગાડવાનું કહ્યું તે પોતાની પ્રિયાનું મૃદુત્વ બતાવ્યું—

પ્રિયમિત્ર તવ પ્રીતમતણો હું મેઘ, સધવા,[1] જાણજે,
તુજ પાસ આવ્યો ધરી હૈયે ફાવિયો સંદેશ જે;
આતુર પિયાલટ[2] છોડવા પંથે શ્રમિત પંથી પળે,
તેને ચલવું ચોંપે મધુરગંભીર ગર્જનને બળે.[3] ૩૮

એવું શુણી ઝટ હૃદય ઉત્કંઠાથકી ઉછળી તને,
ન્યાળી કરે સન્માન સીતા જયમ પવનના[1] તનયને;
શુણશે પછી સઘળું દઇ મન, ભાઇ, મિત્રમુખે મળે,
પતિકેણુ નારીને કંઈકજ સંગથી તે ઊતરે.[2] ૩૯

દીર્ઘાયુ,[1] મારાં વેણકારણ ને કૃતાર્થ થવા કહે,[2]
અબળા, કુશળ પતિ તાહરો છે રામગિરિઆશ્રમ રહે;
પૂછે વિયોગી[3] કુશળ તારૂં, પ્રશ્ન પ્રથમજ એ ઘટે,
છે વિપદ પ્રાણીશિર ભમંતી કાળનાં ચક્કરપટે. ૪૦

તવ અંગ તનુ,[1] સંતપ્ત,[2] આંશુભર્યું, સતત[3] દુકખે દમ્યું,
ઊના નિસાસા નાખતું,—વિધિ[4] દુષ્ટને એવું ગમ્યું;
આવીશકે નહિ, દૂરથી સંજોગ[5] સંકલ્પે[6] કરે,
તુજ અંગસું નિજ અંગથી, જેની દશા[7] સરખી ખરે. ૪૧

ભોજરાજ કહેછે—मृदुभिर्मर्दनैः पादे शीतलैर्व्यजनैः स्तनौ। श्रुतौ च मधुरैर्गीतैर्निद्रातोबोध-यत्प्रभुम् ॥ ૨. જાઈ. ૩. ચમકથી આંખ મીચાય, અને મુખ જોયા વના સંદેશો સાંભળવાનો રસ ન પડે. ૪. ગરબડાટ નહિ કરતાં. ૫. મંદગર્જના એ રૂપી વચને—મૃદુવચને.

૩૮. ૧. સોહાગણ—એમાં એવી વ્યંજના થઇ કે તારો પતિ કુશળ છે. ૨. વિયોગમાં શણગાર તજી શિખા બાંધેલી તે. ૩. પ્રવાસીઓ ચોમાસામાં ઘેર આવે માટે.

૩૯. ૧. હનુમાન. સીતાહનુમાનનાં આખ્યાનથી અંહિ બે વ્યંજના થાયછે—એનું સુઘડ પતિવ્રતાપણું, અને મેઘમાં બધા દૂતગુણ. રસાકર ગ્રંથમાં લખ્યુંછે—ब्रह्मचारी बली धीरोमायावी मानवर्जितः। धीमानुदारोनिःशंकोवक्तादूतः स्त्रियां भवेत्—આ બધા ગુણ હનુમાનમાં હતા. ૨. પતિના સંગના જેવુંજ લગભગ સુખદાઇ છે.

૪૦. ૧. લાંબાં આયુષ્યવાળા. રાજા વગેરે મોટાં માણસને બોલાવતાં વપરાય છે. ૨. મારી વિનંતિ ઉપરથી તેમજ તારાં કલ્યાણને ખાતર તું તેને કહેજે. ૩. વિયોગદુઃખ ભોગવતો તારો પતિ.

૪૧. ૧. સુકાઈગયલું. ૨. વિરહદુઃખે બળતું. ૩. નિરંતરનું, હંમેશનું—દુઃખ.

કંઇ હોય મોટેથી સખી શુણતાં કહેવાજોગ તે,
લંપટ[1] કહેતો કાનમાં ચુંબનતણે લોભેજ જે;
તે આજ શ્રવણનયનતણી[2] હદપાર કાઢ્યો મુજ[3] મુખે,
કાવે વચન રચિયાં વિજોગે સીંચિયાં અમુઝણદુખે. ૪૨

ભાળું પ્રિયંગુલતાવિષે[1] કોમળપણું તવ અંગનું,
મુખતેજ ચંદ્રે,[2] ચકિતહરણીઆંખમાં અવલોકનું;[3]
શિખિપિચ્છગુચ્છે[4] કેશ, ભ્રગુટીભ્રમણ[5] જળલેરીવિષે,
કોપીશ નહિ, રે હાય! મૂર્તિ અખંડ કંહિએ નવ દિશે.[6] ૪૩

ચિતરી તને રંગે વિવિધ ગુરુમાનમાં[1] ગિરિપર પછી,
ચરણે પડ્યો હું હોઉં ત્યમ ચાહું ચિતરવા મુજ છબી;
તત્કાળ આંશુ ભરાઇ આંખે નજર મારી રોકતાં,
સેવાય નહિ રે દુષ્ટ દૈવે એમ પણ સંગમ થતાં.[2] ૪૪

જયમત્યમકરી સ્વપ્ને મળેલીને તને દૃઢ ભેટવા,
આકાશમાં હું ભુજ પસારૂં હોંસથી આલિંગવા;
તે જોઇ વનદેવી દયાળુ મળી રડી મોતીસમાં,
આંશુનાં[1] બહુબહુ બુંદ પાડે તરુતણી તો કુંપળમાં.[2] ૪૫

---

૪. બ્રહ્મા, વિધાતા. ૫. મેળાપ, આલિંગન. ૬. વિચારમાં, માનસિક— કાયિક મેળાપ હાલમાં અશક્ય છે માટે. ૭. આપણાં બન્યોનાં અંગની સ્થિતિ એકસરખી છે, એટલે ઝટ મળીજાય.

૪૨. ૧. અતિ પ્રેમમાં પચેલો. ૨. કાનઆંખની હદપાર કરેલો-તું જોઇશકે કે સાંભળી શકે નહિ એમ દૂર કાઢેલો. ૩. હુંજ તેનું મુખ છું એમ જાણ.

૪૩. ૧. એક નાજુક સુંદર વેલી છે. ૨. ચોકેલી. ૩. દૃષ્ટિ, નજર, ભાળવું તે. ૪-મોરનાં પીછાંનો સમૂહ. ૫. ભ્રગુટીનો વિલાસ. ૬. આમ સરખાવટ થવાથી તું માઠું લાવીશ નહિ, તારૂં સૌંદર્ય સામટું કોઈ એક વસ્તુમાં મળી શકે એમ નથી, તારૂં સૌંદર્ય તો અનુપમ છે. (વિરહાનાં ચાર વિનોદસ્થાન—સરખાવટ, પ્રતિકૃતિ—ચિત્ર, સ્વપ્નદર્શન અને પ્રિયજનનાં અંગનો સ્પર્શ કરેલી વસ્તુનો સ્પર્શ. તેમાં સુરખાવટ થઈ. હવે ૪૪, ૪૫, ૪૬ માં બાકીના ત્રણ વિલાસ ક્રમે આવશે.)

૪૪. ૧. પ્રેમમાં તું ભારી રીસાઈહોય એવી ઢબમાં. ૨. ચિત્રમાં પણ આપણો મેળાપ થાય તે દુષ્ટ દૈવથી સેવાતું નથી.

૪૫. ૧. ઝાડપર ઝાકળનાં બિંદુ બંધાયછે તેપરથી આ ઉત્પ્રેક્ષા. ૨. વનદેવીનાં આંશુ ઝાડપર પડે, એમ કેવામાં હેતુ—महात्मगुरुदेवानामश्रुपातः क्षितौ यदि। देशभ्रंशोमहद्दुःखं मरणं च भवेद् ध्रुवम्॥

તરુ દેવદારતણી તરત કૂંપળો ભેદી આવતા,
તે[1] રસવડે વાસિત બની ઉત્તરથકી દક્ષિણ જતા;
એ હિમાચળના પવનને, ગુણવતી, આલિંગન કરૂં,
ધારી પ્રથમ પરસ્યુંહશે એણે સુખદ તન તાહરૂં. ૪૬

લાંબા પ્રહરની રાત આ સંકોચ પામે ક્ષણપડે,
સઘળી[1] અવસ્થામાં બને અતિ થંડકર આ દિવસ રે;
હે ચપળનયની, એમ ચિત ગાંડું અશક્ય વિચારતું,
તારા વિયોગતણી વ્યથા અતિ તીવ્રથી[2] ઘેલું થતું. ૪૭

બહુ રમાડી મન આશથી રાખું ટકાવી પ્રાણ હું,
માટે, સુહાગણ, ધીર ધરજે બ્હી થતી ન નિરાશ તું;
કોનું ટક્યું હંમેશ સુખડું, દુઃખ પણ હંમેશ જો ?
રથચક્રપેર દશા ફરે—પડતી પછી ચડતીજ તો. ૪૮

હરિ ઊઠતાં[1] અહિશયનથી મુજ શાપ અંતજ આવશે,
બાકી રહ્યાછે ચાર મહિના આંખ[2] મીચી કાડશે;
આપણ પછી રાતે ઉતરતી[3] શરદની જે ચાંદની,
તે માણતાં[4] બર લાવશું સૌ હોંસ વિરહવધી[5] ઘણી. ૪૯

કાવ્યું વળી—પેલાં શયનમાં ગળે લિપટી તું મને,
સૂતી ઉઠી ભરઊંઘથી મોટે રડી કંઇ કારણે;
ફરી ફરી વિનવી પૂછતાં તેં હસી મંદ કહ્યું મને,
મેં અવર યુવતિ રમાડતો સ્વપ્ને નિહાળ્યો, ઠગ, તને. ૫૦

---

૪૬. ૧. દેવદારની કૂંપળના.

૪૭. ૧. દિવસમાં સઘળે વખતે—સવાર બપોર સાંજ—હમેશાં. ૨. વ્યથાનું વિશેષણ છે.

૪૯. ૧. વિષ્ણુ શેષનાગપર સૂતેલાછે તે ઉઠશે એટલે—દેવ ઉઠતાં. ૨. ગમેતેમ દુઃખેપાપે. ૩. કાર્તિકનો શુકલપક્ષ. ૪. રૂડી રીતે ભોગવતાં. ૫. વિરહમાં વધી-પડેલી—હોંસ, મળ્યાપછી એમ કરીશું, આમ કરીશું, એવી ઉમેદ.

હે ચકિતનયની, જાણ આ એંધાણથી[1] છું કુશળ હું.
લોકો લવારા[2] છો કરે, ધર મુજવિષે વિશ્વાસ તું;[3]
વિરહે ઘટે કે વ્હાલ,—હોશે; વસ્તુ વ્હાલીના વના,
રસ વધી તે તો નિત્ય નિત ઓઘો બણેછે પ્રેમના. ૫૧

દઇ ધીર એમ પ્રથમવિરહથી શોક ડૂબી તુજ સખી,
શિવપોઠિયે શિખરો ખણ્યાં પાછો વળે તે[1] ગિરિથકી;
એંધાણસહિત વચન કુશળનાં ત્હાંથકી શુભ લાવજે,
મુજ જીવર[2] શિથિળ સ્વારનાં ફૂલ કુંદતુલ્ય બચાવજે. ૫૨

ધારૂં ધર્યું[1] મન કામ તેં હું મિત્રનું નિશ્ચયપણે,
નવ[2] બોલતો તેમાટ ગણું ન અભાવ હોએ કંઇ ત્હને;
ચાતક ત્હને જાચે તદા ગરજ્યાવિના જળ દેછ તું,
ઉત્તર સજનનો એજ કે જાચકે માગ્યું આપવું. ૫૩

તુજને અઘટતું કામ આ પ્રિય[1] માહરૂં, જળધર, કરી,
સૌહાર્દથી[2] અથવા વિયોગી ગણી રેમ દિલે ધરી;
જાજે પછી ધાર્યે[3] પ્રદેશે ભર્યો[4] વર્ષાવૈભવે,
વાંછું[5] વિયોગ ન આમ[6] વિજળીનો[7] નિમિષ[8] તું અનુભવે. ૫૪

---

૫૧. ૧. છૂપી નિશાની. ૨. આટલોબધો વખત થઈગયો તે કયાંનોક્યાં મરીગયો હશે, એવી લવરી. ૩. વળી મ્હારો પ્રેમ ઘટયોહશે એવો પણ વ્હેમ ન આણીશ.

૫૨. ૧. કૈલાસપર્વત. ૨. વિયોગથી દુર્બળ—પરાંજળો થઈગયલો મ્હારો પ્રાણ.

૫૩. ૧. કરવાનો ઠરાવ કીધો, સ્વીકાર્યું. ૨. તું બોલતો નથી તેઉપરથી.

૫૪. ૧. મ્હને ઘણું વ્હાલું, મ્હારૂં કલ્યાણ કરવાવાળું. ૨, મિત્રભાવે. ૩. ત્હારે ધારેલે ઠેકાણે, જયાં તેં પ્રથમ જવા ધારેલું હશે ત્યાં. ૪. વર્ષાઋતુની શોભાસહિત. ૫. ઈચ્છુંછું, મ્હારો ત્હને આશીર્વાદ છે. अन्ते काव्यस्य नित्यत्वात् कुर्यादाशिषमुत्तमम् ॥ આવોજ નિયમ છે, તો કાવ્ય આગળ કેમ ખેંચાય! ગાંભાર્યરસ પણ ઘટે. ૬. મ્હારીપઠે. ૭. વીજળીરૂપી ત્હારી સ્ત્રીનો. ૮. એક પળપણ.